પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૧૧/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૬૯

**સુવિચાર**

કોઈપણ વસ્તુનો ભાવ હોવો જોઈએ. ભાવથી માણસ કમાય છે, ભાવથી માણસ ખેંચાય છે, ભગવાન પણ ભાવ ના જ ભૂખ્યા હતા.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭







## એક તરફ કરોડો પરિવારોની આવક ઘટી અને બીજી તરફ જાવકમાં વધારો

# મોંઘવારી, સંગ્રહખોરો અને કાળા બજારીયાઓની લૂંટને રોકો

તુવેરદાળ, અડદદાળ, મગદાળ, ચણાદાળ, ડુંગળી સહિતની ખાધ સામગ્રીનાં ભાવમાં વ્યાપક પ્રમાણમાં વધારો

કોમર્શિયલ ગેસ સીલીન્ડરનાં ભાવમાં રૂપિયા ૧૦૦નો વધારો ઝીંકી દેવાતા મોંઘવારી વધશે

છેલ્લા ૨ વર્ષમાં જીવનજરૂરી તમામ ચીજવસ્તુનાં ભાવમાં ૪૫ ટકા જેટલો વધારો નોંધાયો

પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીએ ભાજપ સરકાર પર કર્યા શાબ્દિક પ્રહારો


પ્રતિકાત્મક તસ્વીર

અમદાવાદ, તા. ૧
એક તરફ વધતી જતી મોંઘવારી, વધતા જતા ખર્ચ, બીજી બાજુ સતત ઘટતી આવક, ફિકસ ડીપોઝીટના ઘટતા જતા વ્યાજદરથી સીનીયર સીટીઝન પરિવારો માટે જીવન જીવવું મુશ્કેલ બની રહ્યું છે. ત્યારે જનતાના મતથી જીત બાદ રાહત આપવી તે "રાજધર્મ" જનતાના મતથી જીત બાદ મોંઘવારી આપવી તે "રાજધોખા", "વિશ્વાસઘાત" તેવા આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મોંઘુ શિક્ષણ, મોંઘી આરોગ્ય સેવા,

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિક કોર્ટનાં પકડ વોરંટનાં આધારે

# જાફરાબાદ પંથકમાં મનરેગા યોજનામાં સરકારી નાણાની ઉચાપત કરનાર આરોપીની અટકાયત

**અમરેલી ખાતેથી આરોપી વિમલસિંહ બસનની અટકાયત**



અમરેલી, તા. ૧
જાફરાબાદ તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા વિમલસિંહ હરેન્દ્રસિંહ બસન રહે. અમરેલી મનરેગા યોજનાના લાભાથીર્ઓના ખોટા દસ્તાવેજો બનાવી તેના સાચા રેકર્ડ તરીકે ઉપયોગ કરી ગુન્હાહીત કાવતરૂ રચી સરકારી નાણા રૂપિયા ૩,૩૦,૨૬,૫૪૮ ની ઉચાપત કરી સરકાર સાથે વિસઘાત કરી ગુન્હો કરવામાં એક બીજાએ મદદગારી કરી ગુન્હો કરેલ. જે અંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં આરોપી વિમલસિંહ હરેન્દ્રસિંહ બસન વિરૂપ્રધ ગુન્હો દાખલ થયેલ અને આ કામે આરોપીનુ જાફરાબાદ કોર્ટ ધ્વારા સીઆરપીસી કલમ-૭૦ મુજબ પકડ વોરંટ ઈસ્યુ કરેલ જે કામે આરોપી ફરાર હતો.

જે અન્વયે અમરેલીના પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા

અનુસંધાન પાના ૬ ઉપર

## મંગળવારે બપોર બાદ ગુમ થયા બાદ સવારે મૃતદેહ મળી આવ્યા

# અરેરાટી : ડુંગર પોલીસ સ્ટેશન તાબાનાં મોરંગી ગામે ૨ બાળકોના તળાવમાં ડૂબી જવાથી મોત

**ફોરેન્સીક પોસ્ટમોર્ટમ સહિતની નિયમાનુસાર કાર્યવાહી કરાઈ**



અમરેલી, તા. ૧
રાજુલા તાલુકાનાં ડુંગર નજીક આવેલ મોરંગી ગામના ૨ બાળકોના તળાવમાં ડૂબી જવાથી મોત થતા અરેરાટીનો માહોલ ઉભો થયો છે. આ બનાવની વિગત એવા પ્રકારની છે કે, ડુંગર પો.સ્ટે.ના મોરંગી ગામે રહેતા વિજયભાઈ માધુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર












### દિવાળીનાં તહેવારો નજીકમાં હોય પરેશાની

# ખાંભાની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં નાની નોટોની કારમી અછત જોવા મળે છે

### વેપારી મંડળનાં પ્રમુખે યોગ્ય કરવા માંગ કરી

ખાંભા, ૧

ખાંભા તાલુકાની એકમાત્ર રાષ્ટ્રીયકૃત સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં દિવાળીના શુભ દિવસોમાં પણ નાની નોટોની કારમી અછત ૫૭ ગામોના તાલુકા મથક ખાંભા તાલુકામાં એકમાત્ર રાષ્ટ્રીયકૃત બેન્કમાં દિવાળીના તહેવારોમાં ગરીબોથી લઈ અમીરો અને વેપારીઓથી લઈને નોકરીયાત વર્ગના લોકોને નુતન વર્ષ, દિવાળી, ભાઈબીજ જેવા તહેવારોમાં વ્યવહાર સાચવવા અને બોણી દેવામાં ૧, ૨, ૫, ૧૦, ૨૦ ની નવી નોટોની જરૂર પડે. તેવા સમયે અને દિવસોમાં ખાંભામાં નવી જૂની કોઈ ચલણી નોટો ખાંભા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં સ્ટોક ન હોવાથી નાગરિકો અને ખાસ કરી તહેવારોમાં વેપાર ધંધામાં વેપારીઓને જરૂર હોય. તેવા સમયમાં ખાંભા તાલુકા મથકની બેન્કમાં નોટોની કારમી અછત હોવાથી વેપારી વર્ગ અને નાગરિકો ચલણી છૂટી નાની નોટ ન હોવાથી ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

અમરેલી હેડ ઓફિસ અને ખાંભા સ્ટેટ બેન્કના સત્તાધિશો દ્વારા તાત્કાલિક અસરથી ખાંભા બેન્કમાં ૧, ૨, ૫, ૧૦, ૨૦ ની નવી કે જૂની ચલણી નોટો અને ૧, ૨, ૫ ના ચલણી સિક્કા ફાળવવામાં આવે તેવી ખાંભા વેપારી મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણીએ ખાંભા એસ.બી.આઈ. શાખા મેનેજરને લેખિતમાં રજૂઆત કરી માંગણી કરી છે.

### અંદાજિત ૫૫૦ જેટલી દુકાનોમાં અલીગઢી તાળા જોવા મળ્યા

# અમરેલી જિલ્લામાં દિવાળીનાં તહેવારો નજીકમાં હોય રેશનિંગ દુકાનધારકો દ્વારા અનાજ વિતરણ બંધ

### રેશનિંગ દુકાનધારકોની વર્ષો જુની માંગ સરકાર સંતોષતી ન હોય વિતરણ ઠપ્પ

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં રેશનિંગ દુકાનધારકોએ દર મહિને ૨૦ હજાર કમિશન સહિતની માંગને લઈને આજથી અનાજનું વિતરણ બંધ કરી દેતા જિલ્લાનાં હજારો ગરીબ પરિવારોને દિવાળીનાં તહેવારોમાં ભૂખ્યા પેટે સુવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

અમરેલી જિલ્લામાં ૫૫૦ જેટલી દુકાનો ધ્વારા હજારો પરિવારોને મફતમાં અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે અને રાજય સરકારે રેશનિંગ દુકાનધારકોની વિવિધ માંગ ન સંતોષતા દુકાનધારકોએ અનાજનો જથ્થો સરકારી ગોદામમાંથી ઉપાડેલ નથી અને અચોકકસ મુદત સુધી વિતરણ બંધ કરી દેતા ગરીબ પરિવારોને દિવાળીમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### નિર્મળ ગુજરાતનાં સંકલ્પને મળતું જન સમર્થન

# લાઠી : પાલિકાનાં સેનિટેશન શાખાનાં કર્મચારીઓ દ્વારા સફાઈ ઝુંબેશ યોજાઈ

### અલગ અલગ જગ્યાએથી અદાંજિત ૪ ટન વેસ્ટનો થયો નિકાલ





અમરેલી, તા. ૧

સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતા લક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. આ અભિયાન અંતર્ગત લાઠી નગરપાલિકાના સેનિટેશન શાખાના કર્મચારીઓ દ્વારા સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. શહેરી વિસ્તારમા આવેલ અલગ અલગ જગ્યાએથી અંદાજીત ૪.૦ ટન C&D વેસ્ટ એકત્રિત કરી યોગ્ય જગ્યાએ રિયુઝ કરવામાં આવ્યો હતો. નિર્મળ ગુજરાતના સંકલ્પને મળ્યું જનસમર્થન. આવો, આપણે સૌ સ્વચ્છતાનો સંકલ્પ કરીએ, સ્વચ્છતાને જીવનશૈલીનું અભિન્ન અંગ બનાવીએ. જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તા.૧૬ ડિસેમ્બર,૨૦૨૩ સુધી વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજયમાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં લોકો ઉત્સાહભેર આ અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાગ્રહી બની રહ્યા છે.

જિલ્લામાં "સ્વચ્છતા એ જ સેવા" કાર્યક્રમ અંતર્ગત તા. ૨૩ ઓકટોબર થી ૨૮ ઓકટોબર ૨૩ એટલે કે, આજ સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડિંગ, શાળા અને કોલેજ કેમ્પર્સ ખાતે સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. ઉપરાંત ગત રવિવારે ગ્રામ્ય અને શહેરના અનિયમિત વિકસિત અને અવિકસિત વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ યોજાઈ છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાલક્ષી વિચારોને આજે ગુજરાતનો જન જન સાર્થક કરી રહ્યો છે. સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાન પૂરજોશમાં આગળ ધપી રહ્યુ છે. ઉપરાંત આ અભિયાનમાં સામાજિક સંસ્થાઓ સહિત સે જનભાગીદાર બની રહ્યા છે. આવો સે સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જોડાઈને સ્વચ્છ ગુજરાતનું નિર્માણ કરીએ.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતનાં મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે

# અમરેલી ખાતે દાદા ભગવાનની ૧૧૬મી જન્મજયંતિની ઉજવણીને લઇને ૫ હજાર સ્વયંસેવકો દ્વારા તૈયારીઓ

### પૂ. દીપકભાઇનાં સાંનિધ્યમાં મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાશે



અમરેલી, તા. ૧

અમરેલીમાં દાદા ભગવાનની ૧૧૬મી જન્મ જયંતિ મહોત્સવની ભવ્ય ચાલી રહેલી તૈયારી જેમાં બે મહિનાથી ૫ હજાર થી વધારે સ્વયંસેવક દ્વારા ચાલી રહેલી તૈયારીઓ અમરેલી લીલીયા રોડ પર આવેલ દાદા ભગવાન મંદિર પાસે ખારાવાડી એ ભવ્ય ઉત્સવ યોજાશે. જેમાં પૂજય દીપકભાઈના સાનિધ્યમાં જ્ઞાનવિધિ તેમજ અક્રમ વિજ્ઞાન આત્મા સાક્ષાત પામવા માટેનું સરળ અને વિજ્ઞાન અને અક્રમ વિજ્ઞાન જ્ઞાની પુરૂષ દાદા ભગવાન વાત્સલ્ય મૂર્તિ નીરૂમા પૂજય દીપકભાઈ દ્વારા જેમ જોવા જેવી દુનિયા જયાં શીખવું એ જ મહોત્સવ છે તેમજ અમેરિકા લંડન, કેનેડા, દુબઈ, બ્રાઝિલ, યુગાન્ડા, ઓસ્ટ્રેલિયા અને ૫૦થી પણ વધારે વિદેશીઓ દેશથી મહાત્માઓ જોડાશે તેમજ લાખોની સંખ્યામાં ભારતના તમામ રાજયના સેવક ગણ આ મહોત્સવમાં પધારવાના છે ૬૦૦ થી પણ વધારે ગામોમાં દાદાનો રથ પરિભ્રમણ કરી રહયો છે. જેમાં જ્ઞાનવિધિ જોવા જેવી દુનિયા એડવાઈઝર છો શોર્ટ ફિલ્મ પપેટ શો વિક્રમ વેતાળ લાઈવ ડ્રામા થીમ્સ પાર્ક એક આત્મજ્ઞાન અજબ ગજબની દુનિયા તેમજ સર્વ ધર્મપ્રેમી જનતાઓને ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવે છે. દાદા ભગવાન મંદિર મહાત્મા ઘનશ્યામભાઈની યાદી જણાવે છે.

### ધારાસભ્ય જે. વી. કાકડીયાનાં હસ્તે

# ધારી : ત્રંબકપુર ખાતે પ્રાથમિક શાળામાં વર્ગખંડનું ભૂમિપુજન થયું

### સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં

ધારી, તા. ૧

ધારી તાલુકાનાં ત્રંબકપુર ગામે પ્રાથમિક શાળામાં નવા કુલ – ૨ વર્ગખંડનું ખાતમુર્હૂત ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે ધારી તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, તાલુકા પંચાયતનાં પ્રમુખ કિરણબેન હીરપરા, જિલ્લા પંચાયતનનાં સદસ્ય કમળાબેન ભુવા, તાલુકા પંચાયત સદસ્ય અતુલભાઈ કનાણી, હર્ષદભાઈ રાવલ, ધનશ્યામભાઈ હીરપરા, દક્ષેશભાઈ ભુવા, ગામનાં સરપંચ વજુભાઈ બાવસિયા, પ્રકાશભાઈ વેકરીયા, માજી સરપંચ નિલેશભાઈ બાવસિયા, બાલુભાઈ બાવસિયા,



આચાર્ય ભીખુભાઈ પાઘડાળ તેમજ ગામજનો ઉપસ્થિત રહયા હતા.

# લીલીયામોટા : ચેક રીટર્ન કેસમાં ૬ માસની સજા અને દંડ ફટકારતી કોર્ટ

લીલીયા, તા. ૧

લીલીયા મોટા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી લી. માંથી ધીરાણ મેળવી હપ્તા નહીં ભરતા બાકીદાર અજયભાઈ સુરેશભાઈ ડાભી રહે. લીલીયા, તા. લીલીયા વાળાનો ચેક રૂા. ૧,૬૨,૫૪૬/–નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આ પેલ ચેક રીટર્ન થતા લીલીયા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધીરાણ સહકારી મંડળીના રીકવરી ઓફિસર અમિતભાઈ વસંતભાઈ જોષી એ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવા ઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ કેસ નં. ૩૩૩/૨૦૨૩ નો દાખલ કરેલ છે. અને કેસ ચાલી જતા નામદાર અદાલત દ્વારા અજયભાઈ સુરેશભાઈ ડાભી રે. લીલીયાવાળાને ૬ માસની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ ૧,૬૨,૫૪૬ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ તેટલીજ રકમનો દંડ નામદાર કોર્ટમા ભરવો અને દંડ ન ભરે તો વધુ એકમાસ ની સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આરોપી હાલ ફરાર હોઈ અદાલત મારફત એસ.પી.ને સજા વોરન્ટ મોકલી સત્વરે ધરપકડ કરી જેલહવાલે કરવા હુકમ કરવામાં આવે છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# અમરેલી : સંવેદન ગૃપ દ્વારા ૯૯મું ચક્ષુદાન લેવાયું

અમરેલી, તા. ૧

અમરેલી શહેરના ચક્કરગઢ રોડે બ્રહ્મ પેલેસમાં વસતાં નહેરૂ યુવા કેન્દ્રના કર્મચારી પ્રવિણભાઈ બી. જેઠવાના માતુશ્રી કાન્તાબેન ભગવાનભાઈ જેઠવા (ઉં.વ. ૯૨) નું તા. ૨૯/૧૦/૨૦૨૩ રવિવારના રોજ અવસાન થતાં તેમનાં વારસદારો જેઠવા પ્રવિણભાઈ, ત્રિવેણીબેન (અધ્યાપક, ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ, ગોપાલગ્રામ), કિરીટભાઈ, અદિતિ, ઋત્વી તથા જેનિશ દ્વારા ચક્ષુદાનનો નિર્ણય કરવામાં આવ્યો.

આ માટે તેઓએ ચક્ષુદાન ક્ષેત્રે સેવારત સંસ્થા સંવેદન ગૃપનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવેલ.



આ નેત્રદાન સ્વીકારવા માટે સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી સાથે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તથા દર્શન પંડયાએ સેવા આપી હતી, જેઠવા પરિવારે કરેલ યોગ્ય નિર્ણય બે અંધજનોના જીવનમાં રોશની લાવશે તેમજ મૃત્યુ બાદ નેત્રદાન માટે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂં પાડ્યું છે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

# બાબાપુર : રાષ્ટ્રીય એકતા બાલ શિબિરમાં ડો. વીજળીવાળાનું પ્રેરક ઉદ્‌બોધન



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

સર્વોદય મંદિર બાબાપુરમાં શિબિરના બીજા દિવસે પ્રથમ સેશનમાં મુખ્ય વક્તા ડો,વીજળીવાળાએ બાળકોની વકવ્ય આપતા જણાવ્યું કે તમારામાં રહેલી શક્તિઓને જાગૃત કરજો, તમારી ક્ષમતાને ઓળખો, દયેય નક્કી કરજો, પુનરાવર્તન કર્યા કરજો, તો જીવનમાં કયારેય પાછા નહીં પડો. છેલ્લે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી. શિબિરના બીજા સેશનમાં જાણીતા વાર્તાકાર વાસુદેવભાઈ સોઢાએ બાળકોને જાદુઈ પીંછી તથા સોનિયાની વાર્તાઓ કહી બાળકોને પ્રેરણા પૂરી પાડી ડો.વીજળીવાળાનું સ્વાગત પરિચય આચાર્ય કનાળાભાઈ તથા આભાર વિધિ કમલેશભાઈ ભટ્ટ દ્વારા જયારે બીજા સેશનમાં વાસુદેવભાઈ સોઢાનું સ્વાગત પરિચય હિમાંશુભાઈ જોશી તથા આભાર વિધિ હરગોવિંદભાઈ પંડયા દ્વારા કરવામાં આવી. શિબિરના બીજા દિવસે શિબિરના સમગ્ર જૂથ સંચાલકોએ સક્રિય પ્રવૃત્તિઓ કરાવી.શિબિરનુ સમગ્ર સંચાલન આદરણીય મંદાકિનીબેન પુરોહિતની પ્રેરણાથી મુકેશભાઈ રાજયગુરૂ દ્વારા કરવામાં આવે છે.

## તાજેતરમાં પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને ફરજમાં મુકાયા

# અમરેલીમાં જુનીયર કલાર્ક અને તલાટી મંત્રીની સ્થળ પસંદગીનો કાર્યક્રમ યોજાયો

**જિલ્લા પંચાયત પ્રમુખ ભરત સુતરીયા અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ ઉપસ્થિત રહ્યા**

**સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ૫૭ જુનીયર કલાર્ક અને ૨૩૮ તલાટી મંત્રીએ સ્થળ પસંદગી કરી**

**સમગ્ર પસંદગી પ્રક્રિયા ઓનસ્ક્રિન સિસ્ટમ થકી થતાં તમામ ઉમેદવારોને પારદર્શીતાનો લાભ મળ્યો**

**૨૯૫ જેટલા કર્મચારીઓ વહીવટીતંત્રમાં જોડાતા જનતાનાં રોજબરોજનાં કાર્યોની ઝડપ વધશે**



અમરેલી, તા. ૧

તાજેતરમાં તલાટી કમ મંત્રી અને જુનિયર કલાર્કની પરીક્ષાના પરિણામો પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા હવે ભરતી પ્રક્રિયા પારદર્શક અને ઝડપી બનાવવામાં આવી છે. આ ભરતીમાં પાસ થયેલ ઉમેદવારોને તાલુકા અને સ્થળ પસંદગીનો કાર્યક્રમ રાજયભરમાં ચાલી રહ્યો છે. આજરોજ જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત અમરેલી ખાતે તલાટી મંત્રી અને જુનીયર કલાર્કની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોની સ્થળ પસંદગીનો કાર્યક્રમ યોજાયો હતો. સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ૫૭ જુનીયર કલાર્ક અને ૨૩૮ તલાટી મંત્રી ઉમેદવારોએ અમરેલી ખાતે તાલુકા અને સ્થળ પસંદગી કરી હતી. તલાટી અને જુનિયર કલાર્કની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારો માટે સ્થળ પસંદગી કાર્યક્રમ ઓન સ્કિન સિસ્ટમના માધ્યમથી યોજાયો હતો. જેના થકી સ્થળ પસંદગી સંપૂર્ણ રીતે પારદર્શક રીતે કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યુ કે, સરકાર દ્વારા ઓન સ્કિન સિસ્ટમ થકી સ્થળ પસંદગી પ્રક્રિયા પારદર્શક બનાવવામાં આવી છે. ઉપરાંત આ પ્રક્રિયા ઝડપી પણ છે. તલાટી મંત્રી અને જુનીયર કલાર્કની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોની સ્થળ પસંદગીના કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી દિપા કોટક પણ ઉપસ્થિત રહ્યા હતા.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ટમ્બલર ▪સોપ હોલ્ડર ▪બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાંગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલિકા નીચે ફોન :૨૨૦૦૦૬

▪કાર ▪બાઈક ▪ટ્રેકટર ▪ટ્રક ▪બસ
ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ઘરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઇપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
"માઈલેજનો મહારથી" ટુ-વ્હીલર
BAJAJ
CT 110 Platina 100
સર્વશ્રેષ્ઠ માઈલેજ 85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારુતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારુતિ સુઝુકી ઓથોરાઇઝડ ડીલર
આલ્ફા ઓટોલીંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING ॥ વંદે માતરમ્ ॥ FZS
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
Side Stand Engine cut-off Switch | Light Weight | 3D Emblem | Durable 149cc fuel-injection Engine | Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭૮૨૦૦૪

HONDA સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
ફ્રી હેલ્મેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતએએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર.....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ | ગુલાબ જાંબુ
ટોપરાપાક | લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૯૯૨

### સૌરાષ્ટ્રના ગરીબોની બગડશે દિવાળી

# સૌરાષ્ટ્રમાં રાશનની દુકાનમાં નહી મળે સસ્તુ અનાજ

### અમરેલીમાં દિવાળીના તહેવારો પર જ સસ્તા અનાજની દુકાનો બંધ થઇ ગઇ છે, અમરેલી જિલ્લાના ૫૭૨ જેટલા દુકાનદારો પણ હડતાળમાં જોડાયા હતા

અમદાવાદ, તા.૧

આજથી રાજ્યમાં સસ્તા અનાજના ૧૭ હજાર દુકાનદારોની હડતાળ પર ઉતર્યા હતા. મળતી જાણકારી અનુસાર, રાજ્યના ગરીબોની દિવાળી બગડી શકે છે. ભૂપેન્દ્ર પટેલ સરકારે વચન ન પાળતા આખરે સસ્તા અનાજના દુકાનદારો હડતાળ પર ઉતર્યા છે.

દુકાનદારોની અચોક્કસ મુદતની હડતાળના કારણે દિવાળી સમયે ગરીબ અને મધ્યમવર્ગના લોકોને રાશનથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. સસ્તા અનાજના દુકાનદારોનો દાવો છે કે આ પહેલા અસરકાર આંદોલન કરવામાં આવ્યું હતુ ત્યારે સરકારે વચન આપ્યું હતું કે ત્રણસોથી ઓછા રાશન કાર્ડ હશે તે દુકાનદારને મહિને વીસ હજાર રુપિયા આપવામાં આવશે. જો કે હજુ સુધી સરકારે આ વચન પૂર્ણ કર્યું નથી. આ જ પ્રમાણે અનાજની ઘટ સમસ્યા મુદ્દે પણ અનેક વાર રજૂઆત કરવામાં આવી હતી. એક બોરીએ ત્રણથી ચાર કિલો અનાજની ઘટ પડી રહી છે જેના પરિણામે દુકાનદારોને આર્થિક ખોટનો સામનો કરવો પડી રહ્યો છે. દુકાનદારોને કમિશનની આવક થઇ રહી નથી અને પોતાના ખિસ્સામાંથી દુકાનદારોએ રૂપિયા આપવા પડે છે. નિયમિત રીતે અનાજનો જથ્થો પણ મળતો નથી. એટલું જ નહીં ડિજીટલાઈઝેશનના કારણે અનેક જગ્યાએ સર્વરના પણ ઠેકાણા હોતા નથી. દરરોજ સર્વર ખોટકાય જવાની ઘટના બનતી રહે છે ત્યારે રાશન કાર્ડ ધારકો અને દુકાનદારો વચ્ચે ઝઘડા પણ થાય છે. ત્યા આ તમામ સમસ્યાનો સરકાર ઉકેલ લાવે તેવી માંગ સાથે સરકાર સામે દુકાનદારોએ બાંયો ચઢાવી હતી. અમરેલીમાં દિવાળીના તહેવારો પર જ સસ્તા અનાજની દુકાનો બંધ થઈ ગઈ છે.

અમરેલી જિલ્લાના ૫૭૨ જેટલા દુકાનદારો પણ હડતાળમાં જોડાયા હતા. દુકાનદારો ની પડતર માંગણીઓ નહી સંતોષાતાં આખરે હડતાળ પર ઉતર્યા હતા. જિલ્લાના દુકાનદારો હડતાલ પર ઉતરતા આંગણવાડી અને મધ્યાહન ભોજન કેન્દ્રો પર અસર પડી શકે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ સસ્તા અનાજના દુકાનદારો હડતાળ પર ઉતર્યા હતા. અનાજનો જથ્થો સમયસર અને પૂરતો આપવો, રૂપિયા ૨૦૦૦૦ કમિશન ખાતામાં સમયસર જમા કરવું. ફિંગરપ્રિન્ટ નહિ આવતા રેશનકાર્ડ ધારકો સાથે ઘર્ષણ ન થાય તે માટે સર્વરની ખામી દૂર થાય સહિતની માંગો પુરી ન થતા આજથી હડતાળમાં જોડાયા હતા. સુરેન્દ્રનગર શહેરી વિસ્તારની અંદાજે ૧૫૦થી વધુ અને જિલ્લાની ૫૦૦ થી વધુ સસ્તા અનાજની દુકાનદારો હડતાળમાં જોડાયા હતા. સસ્તા અનાજની ૫૩૬ દુકાનો આજથી બંધ રહેશે.

સસ્તા અનાજની દુકાનદારોની હડતાળને પગલે રેશનકાર્ડ ધારકોને દિવાળી ટાણે જ અનાજ નહિ મળતાં રોષ ફેલાયો હતો. રાજકોટ જિલ્લાની જેતપુર તાલુકા ની તમામ સસ્તા અનાજની દુકાનના માલિકો હડતાલમા જોડાયા હતા. જેતપુરની ૭૫ જેટલી સસ્તા અનાજની દુકાનોના માલિક પડતર માંગણીને લઈ હડતાલ ઉપર ઉતર્યા છે. ૨૦હજાર પગારની માંગણી સાથે જેતપુરના ૭૫ સસ્તા અનાજની દુકાનોના માલિકો હડતાલ ઉપર ઉતર્યા હતા.

### નવેમ્બર મહિનાની શરૂઆત થઇ ચૂકી છે

# હિમવર્ષાની આગાહીને પગલે ગુજરાતનું હવામાન પલટાશે ?

અમદાવાદ, તા.૧

નવેમ્બર મહિનાની શરૂઆત થઈ ચૂકી છે. રાજ્યમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. રાત્રે ઠંડી અને દિવસે ગરમીનો અનુભવ થાય છે. મિશ્ર ઋતુના લીધે રોગચાળાએ પણ માથું ઊચક્યું છે. હવે ઠંડી ક્યારે પડશે? તે અંગે ચર્ચા થઈ રહી છે, ત્યારે હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાત શું અનુમાન લગાવી રહ્યા છે તે જાણવું પણ મહત્વનું બની જાય છે. હળવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પહાડોમાં હવામાનનો ટ્રેન્ડ બદલાવા જઈ રહ્યો છે. જેના કારણે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થવાની સંભાવના છે. તેની અસર મેદાની વિસ્તારોમાં સ્પષ્ટપણે જોવા મળશે. ખાસ કરીને દિલ્હી-NCRના વિસ્તારોમાં ઠંડી ઝડપથી વધશે. હવામાન વિભાગે કહ્યું કે આ અઠવાડિયે દિલ્હી-NCRમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. ઉત્તર પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષાની સંભાવના છે, ત્યારે ગુજરાતનું હવામાન કેવું રહેશે અને ક્યારે ઠંડી પડશે? તે જાણવું પણ મહત્વનું છે. ખાસ કરીને, નવેમ્બરના પહેલા વીકની વાત કરીએ તો આ સાત દિવસ દરમિયાન ગુજરાતનું હવામાન શુષ્ક રહેવાની સંભાવના છે. આ દરમિયાન ગુજરાતના કોઈપણ જિલ્લામાં વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. આ ઉપરાંત હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ પોતાની યુ ટ્યુબ ચેનલ પર એક વીડિયો શેર કર્યો હતો. જેમાં ૫ નવેમ્બર સુધી માવઠું પડશે કે નહીં અને ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની માહિતી આપી હતી. જેમા તેમણે જણાવ્યુ હતુ કે, 'પાંચમી નવેમ્બર સુધીમાં માવઠાની કોઈ શક્યતા નથી. નજીકના ભવિષ્યમાં અરબી સમુદ્ર કે, બંગાળની ખાડીમાં કોઈ સાયક્લોન બને તેવી પણ શક્યતાઓ નથી. જેના કારણે પણ ગુજરાત પર વરસાદનો ખતરો નથી આવતો. આ સાથે ઉત્તર ભારતમાં પણ કોઈ મોટી અસ્થિરતા સર્જાવવાની નથી.

### ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી

# એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો

### દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૮૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને ૧૦૧.૫૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે

નવી દિલ્હી, તા.૧

દેશમાં લોકોને તહેવારોની સિઝનમાં મોંઘવારીના મોટા આંચકાનો સામનો કરવો પડ્યો છે. આજે દેશમાં કરવા ચોથનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે અને આજથી એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો થયો છે.

ગેસના આ ભાવ ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડર (કોમર્શિયલ એલપીજી સિલિન્ડર રેટ) માટે છે અને તેની અસર ખાસ કરીને ફૂડ ઈન્ડસ્ટ્રી અને રેસ્ટોરન્ટ બિઝનેસ પર જોવા મળશે, પરંતુ બહારનું ખાવાનું તમારા માટે મોંઘું થઈ જશે.

જાણો ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ LPG સિલિન્ડરની કિંમતમાં કેટલો વધારો કર્યો છે. આજે, ૧ નવેમ્બરથી, દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત વધીને ૧૮૩૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે અને ગયા મહિને ૧ ઓક્ટોબરના રોજ તે ૧૭૩૧.૫૦ રૂપિયા હતી. દિલ્હીમાં આજથી વાણિજ્યિક એલપીજી ૧૦૧.૫૦ રૂપિયા મોંઘો થયો છે. કોલકાતામાં એલપીજીની કિંમત ૧૦૩.૫૦ રૂપિયા વધીને ૧૯૪૩ રૂપિયા થઈ ગઈ છે જ્યારે ગયા મહિને તેનો દર ૧૮૩૯.૫૦ રૂપિયા હતો. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૮૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને ૧૦૧.૫૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે.

ઓક્ટોબરમાં તેના ભાવ ૧૬૮૪ રૂપિયા હતા. ચેન્નાઈમાં ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૯૯૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને તેમાં ૧૦૧.૫૦ રૂપિયાનો વધારો થયો છે. ઓક્ટોબરમાં તેના ભાવ ૧૮૯૮ રૂપિયા હતા. ગયા મહિને પણ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૯ રૂપિયાનો વધારો કરીને લોકોને મોટો ઝટકો આપ્યો હતો.

આ પછી દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૩૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. સતત બીજા મહિને તેલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજીના ભાવમાં વધારો કર્યો છે. ૧ નવેમ્બરે ઘરેલુ એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે જૂના દર પર યથાવત છે. જો આપણે દેશના ચાર મોટા મેટ્રો શહેરો પર નજર કરીએ તો, ૧૪.૨૦ કિલોનું ઘરેલું ગેસ સિલિન્ડર દિલ્હીમાં ૯૦૩ રૂપિયા, કોલકાતામાં ૯૨૯ રૂપિયા, મુંબઈમાં ૯૦૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૧૮.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ છે.

### પ્રવર્તમાન વર્લ્ડ કપમાં રોહિતની ૨૦ સિક્સર

# વન-ડે વર્લ્ડ કપમાં ૫૬ સિક્સર સાથે રોહિત શર્મા ટોચ ઉપર

### યુએઈના ક્રિકેટર મોહમ્મદ વસીમ વનડે ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે બીજા સ્થાન ઉપર છે

નવી દિલ્હી, તા.૧

હાલ ભારતમાં વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ રમાઈ રહી છે. ક્રિકેટનો આ મહાકુંભ તેની ચરમસીમાએ છે. બેટ્સમેનો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરી રહ્યા છે અને મોટાભાગની મેચમાં સદી પણ ફટકારી રહ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માનું નામ છગ્ગા ફટકારવામાં ટોપ પર છે.રોહિતે અત્યાર સુધી ૨૦ છગ્ગા ફટકાર્યા છે. આ સાથે જ તે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડી પણ બની ગયો છે.

રોહિત વનડે ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેન બની ગયો છે. તેણે અત્યાર સુધી કુલ ૫૬ છગ્ગા ફટકાર્યા છે. જેમાં વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ફટકારેલા ૨૦ છગ્ગા પણ સામેલ છે. વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડીઓની લીસ્ટમાં રોહિત ટોપ પર છે. રોહિત શર્માએ વર્ષ ૨૦૧૭માં પણ ૪૬ છગ્ગા ફટકાર્યા હતા અને રનના મામલે તે ટોપ સ્કોરર હતો. વર્ષ ૨૦૧૭માં રોહિતે ૧૨૯૩ રન બનાવ્યા હતા. વર્ષ ૨૦૨૩માં રોહિતે અત્યાર સુધી ૧૦૫૬ રન બનાવ્યા છે. આ વર્ષે તે સૌથી વધુ રન બનવાનાર દુનિયાનો ત્રીજો બેટ્સમેન છે. આ લીસ્ટમાં શુભમન ગિલ ૧૩૩૪ રન સાથે ટોપ પર છે. વર્ષ ૨૦૨૩માં યુએઈના સ્ટાર ક્રિકેટર મોહમ્મદ વસીમ વનડે ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે બીજા સ્થાને છે. તેણે અત્યાર સુધી ૪૭ છગ્ગા ફટકાર્યા છે.

સાઉથ આફ્રિકાનો બેટ્સમેન હેનરી ક્લાસેન ૪૧ છગ્ગા સાથે આ લીસ્ટમાં ત્રીજા નંબરે છે. એબી ડી વિલિયર્સે વર્ષ ૨૦૧૫માં વનડે ક્રિકેટમાં ૫૮ છગ્ગા ફટકાર્યા હતા. રોહિત ડી વિલિયર્સના આ રેકોર્ડને તોડવાની ખુબ જ નજીક છે. આ ઉપરાંત રોહિત વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન ક્રિસ ગેલની બરોબરી કરી લીધી છે. ગેલે વર્ષ ૨૦૧૯માં ૫૬ છગ્ગા માર્યા હતા.

પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ ઓલરાઉન્ડર શાહિદ આફ્રિદીએ વર્ષ ૨૦૦૨માં સૌથી વધુ ૪૮ છગ્ગા ફટકાર્યા હતા. રોહિત શર્માએ આફ્રિદીના આ રેકોર્ડને તોડી દીધો છે. ઓસ્ટ્રેલિયા ક્રિકટટીમના દિગ્ગજ ઓલરાઉન્ડર શેન વોટ્સને વર્ષ ૨૦૧૧માં ૪૨ છગ્ગા ફટકાર્યા હતા. તેને ૨૦૧૧માં સૌથી વધુ ૧૧૩૯ રન પણ બનાવ્યા હતા.

### ગોધરાના ૨૬ વર્ષીય યુવકનું હાર્ટએટેકથી મોત થયું હતું

# છેલ્લા ૧૫ દિવસમાં હાર્ટ અટેકના કારણે ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો

### રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી યુવાનોમાં હાર્ટએટેકથી મોતના કિસ્સા વધી રહ્યા છે, કોઇ મોબાઇલમાં વાત કરતા તો કોઇ ઉંઘમાં જ બન્યા હાર્ટ અટેકનો ભોગ

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી યુવાનોમાં હાર્ટએટેકથી મોતના કિસ્સા વધી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં રાજ્યમાં હાર્ટ અટેકના કારણે ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો. સુરત, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં પણ યુવાઓનું હાર્ટ અટેકના કારણે મોત થયાની ઘટનાઓ વધી છે. ગઈકાલે પંચમહાલના ગોધરાના ૨૬ વર્ષીય યુવકનું હાર્ટએટેકથી મોત થયું હતું. તોફિક સાદિક મિયા મલેક તિજોરીવાલા નામના યુવકને છાતીમાં દુખાવો ઉપડતાં ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો જ્યાં તબીબે મૃત જાહેર કર્યો હતો. સુરત શહેરમાં પાંડેસરા વિસ્તારમા ૩૫ વર્ષીય યુવાનનું ફોન પર વાતો કરતાં કરતાં હાર્ટ એટેકથી મોત થયુ હતું.

મૃતક યુવાન સિક્યૂરિટી ગાર્ડ તરીકે નોકરી કરીને પોતાના ઘરનું ગુજરાન ચલાવતો હતો. ૩૫ વર્ષીય મૃતકનુ નામ પવન ગંગાવિષ્ણું ઠાકુર હતુ અને તે મૂળ બિહારનો વતની હતો, સુરતમાં હાલ તે પાંડેસરા વિસ્તારમાં આવેલા ગણેશનગરમાં પોતાના પરિવાર સાથે રહેતો હતો. પવન ફોન પર વાત કરતાં હતો તે સમયે અચાનક તે બેભાન થઈ ગયો હતો.

જેથી કંપનીના માણસોએ પવનને કારમાં સારવાર માટે નવી સિવિલ હૉસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે પવનને મૃત જાહેર કર્યો હતો. ગઈકાલે બનાસકાંઠામાં કાંકરેજના અરણીવાડાના ૪૦ વર્ષીય નટવરભાઈએ હાર્ટ અટેકના કારણે જીવ ગુમાવ્યો હતો. નટવરભાઈના મોતથી ત્રણ સંતાને પિતાની છત્રછાયા ગુમાવી હતી. ૩૦ ઓક્ટોબરના રોજ ૨૯ વર્ષીય કરણ પવારનું હાર્ટ અટેકથી મોત થયું હતું. કરણ પવાર સ્કૂલ વાન ચલાવતો હતો. કારેલીબાગના અશોક વાટીકામાં રહેતા કરણને ગત શનિવારે છાતીમા દુઃખાવો ઉપડતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે એસ.એસ.જી.હોસ્પિટલ પહોંચતા મોત થયુ હતું. પાટણમાં પણ હાર્ટ અટેકના કારણે એકનું મોત થયું હતું. ચાણસ્માના રણાસણ ગામના મહિલા સરપંચના પતિનું હાર્ટ અટેકના કારણે મોત થયું હતું.

૫૮ વર્ષીય કાનજીભાઇ પરમાર સિદ્ધપુર ખાતે તેમની દીકરીને ત્યાં ગયા હતા ત્યારે આ ઘટના બની હતી. બીજી સુરતના અમરોલીમાં ૨૩ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મોત થતા પરિવામાં માતમ છવાઈ ગયો હતો. સાહિલ રાઠોડને ઊંઘમાં જ હાર્ટ એટેક આવતા મોત થયું હતું. પાંડેસરામાં ૩૮ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી નિધન થયું હતું. સંજય સહાનીને ઊંઘમાં જ હાર્ટ એટેક આવતા મોત થયું હતું. સંજયને કોઈ પણ પ્રકારની ગંભીર બીમારી ન હતી.

રાત્રે જમ્યા બાદ ઊંઘમાં જ અચાનક છાતીમાં દુઃખાવો થયો હતો, જે બાદ સંજયને સારવાર અર્થ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરતના તબીબોએ મૃત જાહેર કર્યો હતો. ભાવનગર શહેરમાં હાર્ટ અટેકના કારણે વધુ બે લોકોના મોત થયા હતા. જગદીશભાઈ જાદવ (ઉં.વ ૪૦) અને લક્ષ્મણદાસ આસવાણી (ઉં.વ.૫૮) નું હાર્ટ અટેક આવવાના કારણે મોત થયું છે.

લક્ષ્મણદાસ નામના વ્યક્તિ રાત્રે ઉંઘી ગયા બાદ સવારે ઉઠ્યા જ નહોતા, જેમને હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબે હાર્ટ અટેકના કારણે મોત થયું હોવાનું જાહેર કર્યું હતું. સુરતના વરાછામાં રહેતા મહેશ ખાંભર નામના ૪૩ વર્ષીય યુવકનું હાર્ટએટેકથી મોત થયું છે. કન્ટ્રક્શન લાઈનમાં સુપરવાઈઝર તરીકે કામ કરતા યુવકને અગાઉ પણ હાર્ટ અટેક આવ્યો હતો. રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં હાર્ટ અટેકના કેસમાં ૨૮ ટકાનો વધારો થયો છે.વર્ષ ૨૦૨૨ની સરખામણીમાં અમદાવાદમાં ૩૦ ટકા હાર્ટ અટેકના કિસ્સામાં વધારો થયો છે. વધતા જતા કેસને લઈ સરકારે તપાસ કરવી જોઈએ તેવી અમદાવાદ મેડિકલ એસોસિએશને માંગ કરી હતી. થોડા દિવસ પહેલા નવરાત્રિ સમયે અંદાજે ૨૪ લોકોએ હાર્ટ અટેકના કારણે જીવ ગુમાવ્યો હતો.

અમદાવાદની યુએન મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી માં વર્ષ ૨૦૨૧માં દરરોજ સરેરાશ ૭૧૨, ૨૦૨૨માં ૮૭૧ હાર્ટની બીમારીના કેસ નોંધાયા હતા. જેની તુલનામાં વર્ષ ૨૦૨૩માં દરોજના સરેરાશ ૯૫૦થી વધુ હાર્ટની બિમારીના કેસ નોંધાયા છે. દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે જે લોકો ગંભીર રીતે કોરોનાથી પીડિત થયા હતા તેઓએ થોડાક સમય માટે આકરી મહેનત કે કપરી કસરતો કરવાનું બંધ કરી દેવું જોઈએ.

કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રીએ ICMRની એક રિસર્ચને ટાંકીને આ વાત કરી હતી. ICMRએ રિસર્ચમાં નોંધ્યું છે કે જે લોકો કોરોનાથી ગંભીર રીતે પીડિત હતા તેઓએ થોડાક સમય માટે આકરી મહેનત કરવાનું પડતું મુકવું જોઈએ. તેમણે એક કે બે વર્ષ માટે કસરત કે જિમથી બ્રેક લેવો જોઈએ.

### ઓક્ટોબર ૨૦૨૩માં જીએસટી કલેક્શનમાં ૧૩ ટકાનો વધારો થયો

# ઓક્ટોબરમાં ૧.૭૨ લાખ કરોડ જીએસટી કલેક્શન, એપ્રિલ બાદનો સૌથી વધુ આંકડો

### નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ ગ્રોસ માસિક જીએસટી કલેક્શન હવે ૧.૬૬ લાખ કરોડ, જે એક વર્ષ અગાઉના સમયગાળા કરતાં ૧૧ ટકા વધુ

નવી દિલ્હી, તા.૧

નાણા મંત્રાલય દર મહિને માસિક જીએસટીકલેક્શનના આંકડા જાહેર કરે છે. આ આંકડો દર્શાવે છે કે દર મહિને કેટલો જીએસટીવસૂલવામાં આવે છે. વાસ્તવમાં સરકારે કરચોરી રોકવા માટે જીએટી શરૂ કરી હતી. હવે સરકાર લોકોને જીએસટીચૂકવવા માટે ઘણા અભિયાનો પણ ચલાવી રહી છે.નાણા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન રૂપિયા ૧.૭૨ લાખ કરોડ રહ્યું હતું.

આ અત્યાર સુધીનો બીજો સૌથી મોટો આંકડો છે. આ કલેક્શન ગયા વર્ષે ઓક્ટોબર ૨૦૨૨માં થયેલા ૧.૫૨ લાખ કરોડ રૂપિયા કરતાં ૧૩ ટકા વધુ છે.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૩ માટે જીએસટીરેવન્યુ કલેક્શન રૂ. ૧.૭૨ લાખ કરોડ છે, જે એપ્રિલ ૨૦૨૩ પછી બીજા ક્રમે છે. આ વાર્ષિક ધોરણે ૧૩ ટકા સુધીનો વધારો દર્શાવે છે.

૧.૮૭ લાખ કરોડ રૂપિયાની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) થી અત્યાર સુધીની સૌથી વધુ આવક એપ્રિલ ૨૦૨૩ માં નોંધાઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ ગ્રોસ માસિક જીએસટીકલેક્શન હવે ૧.૬૬ લાખ કરોડ રૂપિયા છે, જે એક વર્ષ અગાઉના સમયગાળા કરતાં ૧૧ ટકા વધુ છે.

ઓક્ટોબર મહિનામાં જીએસટી કલેક્શન ૧ લાખ ૭૦ હજાર કરોડના આંકડાને પર કર્યું છે. નાણા મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઓક્ટોબર ૨૦૨૩માં ૧.૭૨ લાખ કરોડ રૂપિયાનું ગૂડ્સ એન્ડ સર્વિસ કલેક્શન થયું છે. આવું બીજી વાર બન્યું છે કે કલેક્શન આ લેવલ સુધી પહોંચ્યું હોય. ઓકટોબરનું જીએસટી કલેક્શન વાર્ષિક ૧૩ ટકા વધ્યું છે. એક વર્ષ પહેલા ઓક્ટોબર ૨૦૨૨માં જીએસટી કલેક્શન ૧.૫૨ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. નાણા મંત્રાલયે કહ્યું કે ઓક્ટોબર ૨૦૨૩નું જીએસટી કલેક્શન એપ્રિલ ૨૦૨૩ બાદનો સૌથી વધુ આંકડો છે. એપ્રિલ ૨૦૨૩માં જીએસટી કલેક્શન ૧.૮૭ લાખ કરોડ રૂપિયા હતું. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એવરેજ માસિક જીએસટી કલેક્શન રૂ.૧.૬૬ લાખ કરોડ રહ્યું હતું. જે ગયા વર્ષ કરતા ૧૧ ટકા વધુ છે. જીએસટી કલેક્શન રૂપિયા ૧,૭૨,૦૦૩ કરોડ છે, જેમાં રૂ. ૩૦,૦૬૨ કરોડ સીજીએસટીછે. જ્યારે, રૂ. ૩૮,૧૭૧ કરોડ એસજીએસટીછે. આ સિવાય રૂ.૯૧,૩૧૫ કરોડ (માલની આયાત પર એકત્રિત રૂ. ૪૨,૧૨૭ કરોડ સહિત) આઈજીએસટીછે. તે જ સમયે, ૧૨,૪૫૬ કરોડ રૂપિયાનો સેસ છે (સામાનની આયાત પર એકત્રિત કરાયેલા રૂ.૧,૨૯૪ કરોડ સહિત). કેન્દ્ર સરકારે આઈજીએસટીથી સીજીએસટીમાટે રૂ. ૪૨,૮૭૩ કરોડ અને એસજીએસટીને રૂપિયા ૩૬,૬૧૪ કરોડ સેટલ કર્યા છે.

### ભારતે વર્લ્ડ કપમાં તેની તમામ છ મેચ જીતી છે

# શુભમન ગિલ અને શ્રેયસ ઐયરનું નબળું ફોર્મ ભારત માટે ચિંતાજનક

### ગિલે ૪ મેચમાં ૨૬ના એવરેજથી ૧૦૪ રન બનાવ્યા, શ્રેયસે ૬ મેચમાં ૩૩.૫૦ના એવરેજથી ૧૩૪ રન બનાવ્યા

નવી દિલ્હી, તા.૧

ભારતીય ક્રિકેટ ટીમે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં તેની તમામ ૬ મેચમાં જીત મેળવી છે. ભારતીય ટીમ હાલ શાનદાર પ્રદર્શન કરી રહી છે. પરંતુ આ ૬ મેચ બાદ ભારતીય ટીમની બે નબળાઈઓ સામે આવી છે જે તેને નોક આઉટ રાઉન્ડમાં મોટી મુશ્કેલીમાં મૂકી શકે છે. આ બે કમજોરીઓનું નામ શુભમન ગિલ અને શ્રેયસ અય્યર છે. આ બંને ખેલાડીઓએ તેમની ક્ષમતા મુજબ પ્રદર્શન નથી કર્યું.શુભમન ગિલના બેટથી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ પહેલા ખુબ રન નીકળી રહ્યા હતા. પરંતુ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની શરૂઆત થતા જ ગિલને ડેન્ગ્યૂ થઇ ગયો જેના કારણે તે પ્રથમ ૨ મેચમાં રમી શક્યો નહી અને તેનું વજન પણ ૬ કિલો ઘટી ગયું હતું. જો કે ગિલે ટીમમાં વાપસી કરી પરંતુ હજુ સુધી ગિલ તે લયમાં જોવા નથી મળ્યો જેના લીધે તે ઓળખાય છે. તેણે આ ટુર્નામેન્ટની ૪ મેચમાં ૨૬ના એવરેજથી ૧૦૪ રન બનાવ્યા છે. તેણે એક ફિફ્ટી જરૂર ફટકારી છે પરંતુ તેને રન બનાવવામાં મુશ્કેલી થઈ રહી છે. સેમિફાઈનલ પહેલા ભારત ૩ મેચ રમશે અને આ મેચોમાં બધાની નજર ગિલના પ્રદર્શન પર રહેવાની છે.

શ્રેયસ અય્યરનું ફોર્મ પણ ભારતીય ટીમ માટે એક સમસ્યા બની ગયું છે. તેણે ૬ મેચમાં ૩૩.૫૦ના એવરેજથી ૧૩૪ રન બનાવ્યા છે. ઓસ્ટ્રેલિયા એન ન્યુઝીલેન્ડ સામે તે કઈ ખાસ કરી શક્યો ન હતો. આ ઉપરાંત વિરોધી ટીમ શોર્ટ બોલ સામે તેની નબળાઈનો ફાયદો પણ ઉઠાવી રહી છે. નોક આઉટ રાઉન્ડ પહેલા અય્યરનું ફોર્મ ટીમની નબળી કડી જણાય છે. હવે તેને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવાની પણ વાતો થવા લાગી છે. કારણ કે સૂર્યકુમારે રન બનાવ્યા છે અને ઈશાન કિશન જેવો ખેલાડી પણ બેંચ પર બેઠેલો છે જે મિડલ ઓર્ડરમાં રન બનાવવાની ક્ષમતા ધરાવે છે. હવે જોવાનું એ રહેશે કે ભારતીય ટીમ તેની આ બે સમસ્યાઓનું કેવી રીતે અંત લાવશે.

### મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માગ સાથે મોટાપાયે દેખાવો

# આંદોલનકારીઓનો મહારાષ્ટ્રના પ્રધાનના કાફલાની કાર પર હુમલો

### શિંદેએ સર્વપક્ષીય બેઠક બોલાવી, ઉદ્ધવ ઠાકરેના જૂથની શિવસેનાને આ બેઠકમાં ચર્ચા કરવા માટે આમંત્રણ નથી આપવામાં આવ્યું

મુંબઈ, તા.૧

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માગ સાથે મોટાપાયે દેખાવો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન તાજેતરના અહેવાલ અનુસાર મહારાષ્ટ્ર સરકારમાં એનસીપીના અજિત પવાર જૂથના મંત્રી હસન મુશ્રીફની કાફલામાં સામેલ કાર પર હુમલો કરાયાની ઘટનાએ ચકચાર મચાવી છે. ઉલ્લેખનીય છે કે આજે સીએમ એકનાથ શિંદેએ સર્વપક્ષીય બેઠક બોલાવી છે. જોકે આ વચ્ચે એવા પણ અહેવાલો છે કે ઉદ્ધવ ઠાકરેના જૂથની શિવસેનાને આ બેઠકમાં ચર્ચા કરવા માટે આમંત્રણ નથી આપવામાં આવ્યું જેના લીધે સંજય રાઉત અને ઉદ્ધવ ઠાકરે પણ ભડક્યાં હતાં. બીજી બાજુ આંદોલનના નેતા મનોજ જરાંગે આ આંદોલનને દેશવ્યાપી બનાવવાની ચીમકી ઉચ્ચારતાં કહ્યું હતું કે સરકાર વિશેષ સત્ર બોલાવે અને અનામત અંગે જલદી નિર્ણય કરે નહીંતર તે જળનો પણ ત્યાગ કરશે. જોકે હવે સરકાર વિવાદને ટાળવા માટે વિશેષ સત્ર બોલાવીને મરાઠા અનામત પર વટહુકમ લાવે તેવી શક્યતા છે. બીજી બાજુ નાસિકમાં પથ્થરમારાની ઘટના પણ બની હતી જેના પગલે કર્ફ્યૂ લાગુ કરાયો હતો.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૨૬ લોકો આપઘાત કરી ચૂક્યા છે. આ આપઘાતની ઘટનાઓ મરાઠા અનામતની માગ સાથે જ સંકળાયેલી છે.

ગઈકાલે વધુ ૯ લોકે મરાઠા અનામતની માગ સાથે જીવન ટૂંકાવ્યું હતું. ૧૯થી ૩૧ ઓક્ટોબર વચ્ચે એટલે કે માત્ર ૧૩ દિવસમાં આ સમુદાયના કુલ ૨૬ લોકો જીવન ટૂંકાવી ચૂક્યા છે.

### બોલિવૂડની અભિનેત્રી ફરી એક વખત ચર્ચામાં

# ઈંદિરા ગાંધીના હત્યારાઓના વખાણ કરનારા સિંગર શુભની કંગનાએ ટીકા કરી

### શુભે પંજાબના નક્શા પર તેમની હત્યાની તસવીર-તારીખની સાથે હુડી પહેરીને લંડનમાં ઈન્દિરા ગાંધીના હત્યારાના વખાણ કર્યા

મુંબઈ, તા.૧

બોલીવુડ એક્ટ્રેસ કંગના રનૌત કોઈકને કોઈક કારણસર ચર્ચામાં આવી જ જાય છે. હંમેશા પોતાના બેબાક જવાબ માટે જાણીતી કંગનાએ હવે સિંગર શુભની ટીકા કરી છે. કંગના રનૌતે કથિત રીતે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના હત્યારાઓના વખાણ કરનારા સિંગર શુભની ટીકા કરી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં સિંગર શુભે પંજાબના નકશા પર તેમની હત્યાની તસવીર અને તારીખની સાથે હુડી પહેરીને લંડનમાં ઈન્દિરા ગાંધીના હત્યારાના વખાણ કર્યા. હવે કંગનાએ શુભની હરકતોની ટીકા કરી અને તેને શરમજનક કૃત્ય ગણાવ્યુ છે. કંગનાએ પોતાના એક્સ પર આ વીડિયોને રિટ્વીટ કર્યો અને લખ્યુ કે તે લોકો દ્વારા એક વૃદ્ધ મહિલાની હત્યાનો જશ્ન મનાવાયો, જેમને તેમણે પોતાના રક્ષક ગણાવ્યા હતા. જ્યારે તમારી ઉપર સુરક્ષાનો વિશ્વાસ કરવામાં આવે છે પરંતુ તમે વિશ્વાસનો ફાયદો ઉઠાવો છો અને તે જ હથિયારોનો ઉપયોગ કરીને તે લોકોને મારી નાખો છો જેમની રક્ષા કરવાની હતી તો આ બહાદુરીનું નહીં પરંતુ કાયરતાનું શરમજનક કૃત્ય છે. એક નિઃશસ્ત્ર અને અજાણી વૃદ્ધ મહિલા પર આ પ્રકારના કાયરતાપૂર્ણ હુમલા પર શરમ આવવી જોઈએ. એક મહિલા જે લોકતંત્રના પસંદ કરવામાં આવેલા મહિલા હતા. આ વખાણ કરવા માટે નથી. શુભમ જી, શરમ કરો!!! ઉલ્લેખનીય છે કે અત્યારે અભિનેત્રી પોતાની આગામી ફિલ્મ ઈમરજન્સીને લઈને પણ ચર્ચામાં છે. આ દરમિયાન એક્ટ્રેસની આ પોસ્ટ ખૂબ વાયરલ થઈ રહી છે. આ ફિલ્મમાં કંગના ન માત્ર મુખ્ય ભૂમિકા નિભાવી રહી છે પરંતુ તેનું નિર્દેશન પણ કરી રહી છે. સિંગર શુભ ઘણીવખત પોતાના વિવાદાસ્પદ કૃત્યો માટે ભારતમાં ચર્ચામાં રહે છે.

# યુવા સમાજ સેવક મિતલ ખેતાણીને સાંસ્કૃતિક યોધ્ધા પુરસ્કાર 'અર્પણ' થયો



(મીતલ ખેતાણી મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

અમરેલી, તા.૧

શીલ – સંસ્કૃતિ એન સદાચારની રક્ષા માટે જેઓ સમર્પિત છે, તેમને ગુજરાત સરકારનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓ વિભાગ દ્વારા સેલ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશન એન ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સંયુકત ઉપક્રમે સંસ્કૃતિની રક્ષા કરતા યુવાઓને ગુજરાત સાંસ્કૃતિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સાંસ્કૃતિક પ્રવૃતિઓનાં મંત્રી મુળુભાઈ બેરા અને સેવ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશનનાં ભીષ્મપિતામહ અને સંસ્કૃતિ પ્રેમી ઉદય માહુરકરજીના વરદ હસ્તે ભારત સરકારનાં પશુપાલન અને ડેરી વિભાગની નેશનલ એડવાઈઝરી કમિટિનાં સભ્ય યુવા સમાજ સેવક મિતલ ખેતાણીને 'સાંસ્કૃતિક યોધ્ધા એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો હતો.

'ઓટીટી અને સોશિયલ મીડિયાનાં પરથી પ્રસારિત થતાં કાર્યક્રમમાં નવી ગાઈડ લાઈન આપવા છતાં પણ ગંદી ગાળો અને અશ્લીલતાઓ ભરેલી વિકૃત સામગ્રીનો કચરો ઠલવાઈ રહયો છે. જે ચિંતાનો વિષય છે. આવા કાર્યક્રમને જોવાથી વ્યકિતનાં માનસ પર વિકૃત અસર થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકારનાં પશુપાલન અને ડેરી વિભાગ, નેશનલ એડવાઈઝરી કમિટિમાં સભ્ય, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમિટિનાં સભ્ય, ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય, ભારતની પશુ સારવારનાં ક્ષેત્ર કોઈ એક શહેરમાં કાર્યરત હોય તેવી સૌથી મોટી સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ– એનીમલ હેલ્પલાઈન, વેટરનરી હોસ્પિટલ, અબોલ જીવોનું કન્ફેડરેશન ઓફ કાઉ બેઝડ ઈન્ડસ્ટ્રીઝ (જી.સી.સી.આઈ) ના માનદ સેક્રેટરી, સહિતની અનેક સંસ્થાઓમાં તન–મન–ધનથી સક્રિય એવા યુવા સમાજ સેવી બાલ્યાવસ્થાથી જ લોહીનાં સંસ્કારને લઈને સેવાક્ષેત્રને વરેલા મિતલ ખેતાણીનું ભારત સરકાર, ગુજરાત સરકાર દ્વારા રકતદાન, ચક્ષુદાન, દેહદાન, અંગદાન, ગૌસેવા/જીવદયા ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી બદલ સન્માન થઈ ચુકયું છે. પોઝીટીવ ન્યુઝ પ્રસારિત કરવાનાં ઉદેશ્યથી 'ઓમ ઓનલી ન્યુઝ' ની પણ શરૂઆત મિતલ ખેતાણીએ કરી છે. દિલ્હીનાં ગાંધી સ્મૃતિ મંદિર ખોત 'જીવદયા રત્ન' એવોર્ડ ભારત સસ્કારનાં એનિમલ વેલ્ફેર બોર્ડ દ્વારા પણ જીવદયા ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત થયો છે. મિતલ ખેતાણી જીવનસંગીની ડીપ્પલ, સુપુત્રો માનસ અને ધર્મ તેમજ પરીવારજનોની ઉપસ્થિતીમાં અને ગં.સ્વ. માતૃશ્રી હરદેવીબેન નરોતમભાઈ ખેતાણીનાં આશીર્વાદ સાથે જીવનનાં આગામી વર્ષોમાં જીવદયા – ગૌ સેવા, માનવતા, દર્દી નારાયણ તેમજ દરીદ્ર નારાયણનાં લાભાર્થે મહત્વનું પ્રદાન કરવાનાં સ્વપ્નને સાર્થક કરવાનું ધ્યેય ધરાવે છે. ગુરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં શાસનમાં રામમંદિરનું નિર્માણ ૨૩૧ પ્રાચીન મુર્તિઓને ભારત પરત લાવવી અને નવી શિક્ષણ નીતિમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્વ આપવાની દરખાસ્ત સહિતનાં પ્રયત્નો થકી શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આવ્યા છે. 'ત્યારે સંસ્કાર, સંસ્કૃતિ અને શીલનાં રક્ષણ માટે કાર્યરત યોદ્ધાઓનાં સન્માન માટે તેમણે યુવા અને સાંસ્કૃતિક યોદ્ધાઓનો સતત સહયોગ મળી રહયો છે. તેનો આનંદ વ્યકત કરી મુખ્યમંત્રીએ જણાવ્યું કે, શીલ, સંસ્કૃતિ અને સદાચારની રક્ષા કરનારને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકાર હંમેશા કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સહુ નાગરિકોને પણ સાંસ્કૃતિક યોદ્ધા બનવાનું આહવાન કર્યુ હતું. ડ્રગ્સ વિરોધી અભિયાનનો ઉલ્લેખ કરી ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યુ કે, છેલ્લા બે વર્ષમાં રાજય હજારો યુવાનોને ડ્રગસનાં વ્યસનમાંથી મુકત કરાવવાનું કામ રાજયનાં પોલીસ વિભાગે કર્યુ છે. કાયદાની સાથે કાઉન્સેલિંગ થકી અનેક પરિવારો વિખેરતા બચાવાયા છે. સામાજિક દુષણ સામેની લડાઈ માત્ર સરકારની નહી પરંતુ સમગ્ર સમાજની છે. વાલીઓને અપીલ કરતાં તેમણે જણાવ્યું કે, સંતાનોને ભૌતિક સુખ – સુવિધા અને મોંઘીદાટ વસ્તુઓ આપવાની સાથે સંસ્કાર આપી પોતાની ફરજ પ્રત્યે સભાન બનાવવા પણ જરૂરી છે. સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર દ્વારા અન્ય લોકોને પણ સંસ્કાર એન સંસ્કૃતિનાં સંવર્ધનની પ્રેરણા મળશે તેવી આશા તેમણે વ્યકત કરી હતી.

કાર્યક્રમમાં કેન્દ્રીય માહિતી કમિશનર ઉદય માહુરકર, ધારાસભ્ય કૌશિકભાઈ જૈન, બાબુસિંહ જાદવ, અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન, જાણીતા આધ્યાત્મિક ગુરૂ, પરમાત્માનંદજી, યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગનાં સચિવ અશ્વિની કુમાર, નાયબ સચિવ કે.એસ.વસાવા, 'આઈનાં' સંસ્થાનાં પ્રફુલભાઈ નાયક, મહેશભાઈ પુજારા (મુંબઈ) પરેશભાઈ શાહ (સમસ્ત મહાજન, મુંબઈ) પ્રતિક સંઘાણી, લલિતભાઈ ધામી, કલ્પેશભાઈ શાહ સહિત આમંત્રીત એન મોટી સંખ્યામાં સુજ્ઞ નાગરિકો ઉપસ્થિત રહયા હતા.સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન એડવોકેટ અભય શાહે કર્યુ હતું.

## મળવા જેવા હસતા માણસ

# સ્વાતંત્ર્ય સેનાનીનાં રાષ્ટ્રભકત સપૂત કિશોરભાઈ જોશી



કિશોરભાઈ જોશી, અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામના વતની છે.પોતાના વતનના ગામ મોટા સમઢિયાળાથી શરૂ કરી ૧૯૬૧ માં પ્રભાસ પાટણ (સોમનાથ) ૧૯૬૫ માં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા, ૧૯૭૨ માં કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ અમરેલીમાં એસ.એસ.સી. ૧૯૭૩ માં સાવર કુંડલાની વી.ડી.કાણકિયા આટ્ર્સ કોલેજમાં અને ૧૯૭૪ માં અમદાવાદની એલ.ડી.આટ્ર્સ કોલેજ,નવરંગપુરામાં સ્નાતક તરીકેનો અભ્યાસ કરી નવ ગુજરાત મલ્ટીકોર્સ ટ્રેઈનિંગ કોલેજમાં જર્નાલિઝમ, એડવર્ટાઈઝીંગ એન્ડ પબ્લિક રિલેશનનો અભ્યાસ પૂર્ણ કર્યો.૧૯૯૪માં ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પૂના (મહારાષ્ટ્ર)માં બેઝિક ટેલિવિઝન પ્રોડકશનનો અભ્યાસ કર્યો.

એમના પિતાશ્રી ભાનુશંકર કાળીદાસ જોશી ૪૨ની ચળવળ તેમજ ગાંધીજીના રાજકોટ સત્યાગ્રહના સ્વાતંત્ર્ય સેનાની હતા. બ્રિટિશ એરફોર્સના સૈનિક તરીકેની નોકરી છોડીને આઝાદીની ચળવળમાં જોડાયેલ અને સ્વાતંત્ર્ય સેનાની તરીકે એમણે પેન્શન પણ લીધેલુ નહીં.અમરેલી જિલ્લાના જાહેર જીવન સાથે તેઓ ડો. જીવરાજ મહેતાના કાર્યકાળથી જોડાયેલા. વ્યવસાયે વૈદ્ય હતા અને વર્ષો સુધી અમરેલી જિલ્લા વૈદ્યસભાના પ્રમુખ તરીકે કાર્યરત રહેલા.એવા યશસ્વી પિતાના સંતાન કિશોરભાઈ જોશીએ

ગુજરાત સ્ટેટ કા.આ.માર્કેટીંગ ફેડરેશનના મુખપત્ર 'કપાસ' ના સંપાદનની કામગીરી ૧૯૮૦ થી ૮૨ સુધી સંભાળી.

૧૯૮૨ મા આકાશવાણી અમદાવાદ વડોદરામાં પ્રસારણ અધિકારી તરીકે જોડાયા.૧૯૮૭ મા દૂરદર્શન કેન્દ્ર રાજકોટ પર પ્રોગ્રામ એકિઝકયુટિવ તરીકે જોડાયા. ૨૦૦૦ થી દૂરદર્શન કેન્દ્ર અમદાવાદ પર પ્રોગ્રામ એકિઝકયુટિવ તરીકે કાર્યરત હતા. આકાશવાણી અને દૂરદર્શનની ૩૩ વર્ષની કારકિર્દીમા એમણે સાહિત્ય,કલા,સુગમ સંગીત, લોકસંગીત, મહિલા સશક્તિકરણ, આરોગ્ય,યુવાજગત, બાળકો અને જાહેરજીવનને સ્પર્શતી સમસ્યાઓ પર કાર્યક્રમોનુ નિર્માણ કર્યુ છે. દૂરદર્શન કેન્દ્ર,રાજકોટ પરના એમના કાર્યકાળ દરમિયાન સૌરાષ્ટ્ર વિકાસ સમિતિ અને ફૂલછાબ દૈનિકના એ સમયના તંત્રી હરસુખભાઈ સંઘાણીના સહયોગમાં સૌરાષ્ટ્રના પાણી, વીજળી, બ્રોડગેજ રેલવે, અને માળખાકીય સુવિધાઓની સમસ્યાઓ, જળસંચય પર અસંખ્ય કાર્યક્રમોનુ નિર્માણ કર્યુ છે. દૂરદર્શન કેન્દ્ર રાજકોટ પરના એક સમયના સાપ્તાહિક કાર્યક્રમ 'કેમેરા બોલે છે' નું નિર્માણ એમણે ઘણા વર્ષો સુધી સંભાળલુ.પીપાવાવ ગેસ ભૂમિ બિંદુ– સૌરાષ્ટ્રના વિકાસની આધારશિલા પર એમણે વિશેષ કાર્યક્રમનુ નિર્માણ કરેલુ.જેના પડઘા છેક દિલ્હી સુધી પડેલા.

પાલીતાણામાં જૂના પ્રજા સમાજવાદીઓના એક રાષ્ટ્રીય સંમેલન દરમિયાન એમણે પૂર્વ પ્રધાનમંત્રી ચન્દ્રશેખરની ૪૦ મિનિટની એક મુલાકાત લીધેલી.જેની નોંધ ગણમાન્ય મીડિયા કર્મીઓમાં લેવાયેલી. દૂરદર્શન અને આકાશવાણી જેવા એ સમયના સશક્ત માધ્યમો દ્વારા સમાજની જાહેર જીવનની વ્યકિતઓ, ઉદ્યોગકારો, શિક્ષણ, કલા અને સાહિત્યના ક્ષેત્રના પ્રતિનિધિરૂપ વ્યક્તિ વિશેષો સાથે એમણે જીવંત સંપર્ક જાળવીને વિશેષ કાર્યક્રમોનુ નિર્માણ કરેલુ.

કૈલાસ ગુરૂકુલ,મહુવા ખાતે યોજાતા અસ્મિતાપર્વ,સંસ્કૃતસત્ર, સંતવાણી પરની વ્યાખ્યાન બેઠકો,તુલસી એવાર્ડ જેવા કાર્યક્રમોને દૂરદર્શન કેન્દ્ર,અમદાવાદ પર રજૂ કર્યા છે. અસ્મિતા પર્વનુ જયારે આસ્થા ચેનલ પર જીવંત પ્રસારણના થતું ત્યારે અસ્મિતાપર્વની તમામ બેઠકોનુ પૂરેપૂરૂ રેકોર્ડીંગ કરીને સમગ્ર અસ્મિતાપર્વ દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ પર રજૂ કરેલુ. કવિ મીનપિયાસી, અમૃત ઘાયલ, રાજેન્દ્ર શાહ, સુરેશ દલાલ, રઘુવીરભાઈ ચૌધરી, મનોજ ખંડેરિયા, મનહર મોદી જેવા ઘણા સર્જકો પર એમણે વિશેષ કાર્યક્રમોનુ નિર્માણ કર્યુ છે. ડાકયુમન્ટરીનુ નિર્માણ એમનો ગમતો વિષય છે. મહાજયોત મોટા એક સામાજિક સંન્યાસી, માનવતાનુ પુષ્પ ડો.જીવરાજ મહેતા,આવો પાંખો ફેલાવીએ, ભાવનગરના મહારાજા પર લોકસમર્પિત રાજવી મહારાજા શ્રી કૃષ્ણકુમાર સિંહજી, વિશ્વકોશએ જ મારૂ વૈકુંઠ,એમની જાણીતી ડાકયુમન્ટરીઓ છે. દૂરદર્શન કેન્દ્ર,અમદાવાદ પર એમણે ધારાવાહિક સિરિયલ 'જયંતી જાગૃતિ.ડાટ.કામ 'નું નિર્માણ કર્યુ છે.

લાભશંકર પુરોહિતની મુલાકાત પર આધારિત આમંત્રિત દર્શકો સામે રજુ થયેલો કાર્યક્રમ 'સંસ્કાર પુરૂષની સેન્દર્યયાત્રા 'એક થી વધુ વખત ડીડી ગિરનાર પર રજૂ થઈ ચૂકયો છે. જે ખૂબ જ ચાહના પામેલો.

પ્રસંગોપાત તેઓ અલગ અલગ વિષયો પર લેખ લખતા હોય છે.એસજીવીપી ગુરૂકુળ,અમદાવાદ, ભાગવત વિદ્યાપીઠ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે પણ સક્રિય રીતે જોડાયેલા છે. શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજી સાથે તો તેઓ છે ક ૧૯૭૨ થી જોડાયેલા છે.એસજીવીપી ગુરૂકુલ અમદાવાદના માધ્યમથી કલા અને સાહિત્ય પર ઘણા સત્રોના આયોજનમાં એમનુ મહત્વપુર્ણ યોગદાન રહ્યુ છે. જે અંતર્ગત શ્રુતિપર્વ, સાંઈ મકરંદ પર્વ, અને બંગાના બાઉલ પરના વિશેષ કાર્યક્રમો એસજીવીપી ગુરૂકુલમાં યોજાયા.

ભાગવત વિદ્યાપીઠના કૃષ્ણશંકર શાસ્ત્રી સાથે પણ એમનુ અનુસંધાન રહેલુ જે આજે ભાગવતઋષિ અને અનંતકૃષ્ણશાસ્ત્રી સુધી વિસ્તર્યુ છે. હવે નિવૃત્ત છે અને અમદાવાદમાં સાહિત્ય અને કલાની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહે છે.

# અસત્યમેવ જયતે : જૂઠ્ઠાઓ અને શોષણખોરો જ જીતે છે

એમ માનવામાં આવે છે કે પાપીઓની હંમેશાં હાર થાય છે અને પુણ્યશાળીઓ જીતે છે, કે સારા માણસો કે સજ્જન લોકો સારી જિંદગી જીવે છે અથવા આજે નહિ તો કાલે તેઓ સારી જિંદગી માણશે. મુંડક ઉપનિષદમાંથી 'સત્યમેવ જયતે' નામનું સૂત્ર આપણે રાષ્ટ્રીય સૂત્ર તરીકે અપનાવ્યું છે. પણ શું ખરેખર એવું વ્યવહારમાં દેખાય છે ખરૂં ?

ખરેખર તો પાપીઓ, ચોર લોકો, જૂઠ્ઠાઓ, ભ્રષ્ટાચારીઓ, કાવતરાખોરો, હિંસક લોકો, બીજાનું ભયંકર શોષણ કરનારાઓ, યુદ્ધખોર લોકો વગેરે જ જીતે છે એવું વ્યવહારમાં દેખાય છે. એ બધા લોકો પોતાના જીવનમાં લીલાલહેર કરે છે અને જલસાથી જીવે છે. બહુ સારૂં લાગે છે કે એમ કહેવું કે છેવટે તો સત્ય જીતે છે અને પાપી હારે છે. પણ સવાલ એ છે કે સત્ય કયારે જીતે છે ? સત્ય તો ત્યારે જીતે છે કે પાપીઓ કે યુદ્ધખોરો જેવા લોકો સમાજમાં ભારે ખાનાખરાબી કરી નાખે છે.

હિંદુ ધર્મનો કર્મનો સિદ્ધાંત આપણને એમ શીખવાડે છે કે દરેકને પોતાનાં ખરાબ કર્મોનું ફળ ભોગવવું જ પડે છે.

આ સિદ્ધાંત પછી આપણને એવું માનવા પ્રેરે છે કે ચોરને કે શોષક માણસને કે જૂઠ્ઠાને એનું ફળ મળવાનું જ છે, અને આ જન્મે નહિમળે તો આવતા જન્મે એ ખિસકોલી થશે ત્યારે મળશે. આવી બધી માન્યતા નકામી છે. જે છે તે આ જ જન્મમાં છે અને તે જ સત્ય છે. એટલે જે ખાનાખરાબી કરનારાઓ છે તે જલસાથી ન જીવે એવી વ્યવસ્થાઓ કરવાનું મનુષ્યોના હાથમાં છે એ સમજવું જોઈએ. પૂર્વ સાંસદશ્રી ઠુંમર

**સત્ય ખરેખર જીતે છે કે નહિ એનાં કેટલાંક ઉદાહરણો લઈએ :**

(૧) રામાયણનું યુદ્ધ થયું તેમાં રાવણ હાર્યો, પણ કયારે ? એક અંદાજ છે કે એ યુદ્ધમાં ૩.૨૦ કરોડ લોકો મરી ગયેલા અને લંકા આખી હનુમાને સળગાવી દીધેલી તે જુદું. મંથરા જ જીતેલી કે નહિ? તેને કારણે તો રામ જેવા ભગવાન રામને પણ ૧૪ વર્ષ વનવાસ વેઠવો પડેલો.

(૨) મહાભારતના યુદ્ધમાં આશરે ૨૦ લાખ લોકો મરી ગયેલા, પછી જ કૌરવો હાર્યા હતા. ગરૂડ પુરાણ તો મોતનો આંકડો ૩.૯૪ અબજ લોકોનો આપે છે !

(૩) બીજું વિશ્વ યુદ્ધ એડોલ્ફ હિટલરે શરૂ કર્યું હતું. તે હાર્યો અને તેણે આપઘાત કર્યો. પણ કયારે ? આશરે ૬૦ લાખ યહૂદીઓની કતલ થઈ ગઈ અને આશરે ૪.૫ કરોડ લોકો બેમોત મર્યા પછી જ ને ?

(૪) દુનિયાભરમાં લાખો લોકોને યાતનાઓ આપનારા, જેલોમાં નાખનારા શાસકો થયા જ છે. સેંકડો ઉદાહરણો મળી આવે છે ઈતિહાસમાંથી એનાં. અને અત્યારે પણ. એ બધા જ વડા પ્રધાન, રાષ્ટ્ર પ્રમુખ, ચાન્સેલર, મુખ્ય પ્રધાન, પ્રધાનો કે સરપંચ જેવા નાના હોદ્દાઓ પર રહીને જલસાથી રાજ કરે જ છે.

રાજકારણમાં તાનાશાહી માટે અસત્ય અને શોષણ એ બહુ મોટાં સાધનો છે એ એક હકીકત છે. જૂઠ્ઠો માણસ રાજ કરે છે એ તો આપણો અનુભવ કયાં ઓછો છે ? અર્થતંત્રમાં અબજોપતિઓ કેવી રીતે જન્મે છે ? તેઓ ગ્રાહકોનું બેફામ શોષણ કર્યા વિના કેવી રીતે અબજોપતિ થઈ શકે ? એ બધા ભયંકર જલસા કરે છે કે નહિ ? અદાણી હોય કે અંબાણી, તાતા હોય કે બિરલા, જેફ બેઝોસ હોય કે બિલ ગેટ્સ કે જેક મા કે માર્ક ઝુકરબર્ગ; એ બધા મોટા પાયાના ઉદ્યોગો ચલાવે છે અને મોટા પાયે બેફામ શોષણ કરે છે. કોઈ વેપારી સત્ય બોલીને વેપાર કરે એવું ખાતરીપૂર્વક કહી શકાય ખરૂં ? કોઈ સરકારી નેતા કે કર્મચારી કે અધિકારી ભ્રષ્ટાચાર કરતા નથી એમ કેવી રીતે કહેવું ? એમનું શોષણ એ શોષણ કહેવાતું નથી પણ એને રોજગારી અને વિકાસનું નામ આપવામાં આવે છે. કરોડોમાં આળોટનારા ફિલ્મ સ્ટાર કે બધા રમતવીરો શોષણખોર વ્યવસ્થાના બહુ લોકપ્રિય કલાકારો છે.

સામાજિક સંબંધોમાં પણ એમ જ બને છે. જૂઠ ચલાવીને કેટલાક લોકો એમ માને છે કે તેમણે બહુ મોટું તીર માર્યું છે. ભયંકર સ્વાર્થ એ જ જીવન છે. કોઈને સત્ય કહેવા માગીએ તો પણ એ સાંભળવા તૈયાર થતા નથી. ભકિત માત્ર રાજકારણમાં માણસને અંધ બનાવે છે એવું નથી પણ સામાજિક સંબંધોમાં અને પ્રેમમાં પણ એમ જ બને છે.

જેઓ વિલન હોય છે તે જ જીતે છે. ઘણી જૂની હિન્દી ફિલ્મોમાં પ્રેમીઓ મોટે ભાગે આપઘાત કરતા હતા અથવા તેમની હત્યા થતી હતી તે યાદ છે ? બીજા પર દાદાગીરી કરનારા કે પ્રેમને નામે બ્લેકમેલ કરનારા લોકો સત્યનો ઠેકો અને અસત્યનો પોટલો ઉપાડી લઈને ચાલે છે.

અનેક એવા એકંદરે સારા લોકો આપણે સમાજમાં જોઈએ છીએ કે જેમણે બીજાને હંમેશાં મદદ કરી હોય તેઓ બેમોત મરે છે અથવા ભારે લાંબી શારીરિક પીડા સાથે મરે છે અથવા બહુ નાની ઉંમરમાં મરી જાય છે અને લુચ્ચાઓ બહુ લાંબું અને તંદુરસ્ત જીવે છે એમ પણ બનતું આપણે નજરે જોઈએ છીએ. નાના લોકો પણ એમનાથી થાય તેટલું નાનું જૂઠું અને શોષણ કરે છે. નાના લોકો એટલે નાની ચાલબાજીઓ અને નાનાં કાવતરાં, પણ એ હોય તો ખરૂં જ.

'સરવાળે, સત્ય જ જીતે છે, આપણે સારૂં કરીશું તો આપણું સારૂં જ થવાનું છે, ઈશ્વર ઉપર બેઠો બેઠો બધું જુએ છે અને તે ન્યાય કરશે, એવું બધું માનવું એ આપણા મનને તસલ્લી આપવા સિવાય બીજું કશું નથી.


ઈશ્વર શોષણખોર, નાલાયક, જૂઠ્ઠા, નફ્ફટ, નીચ, ચોર, કાવતરાખોર, નરાધમ લોકોને નરકમાં નાખશે એવી બીક પણ સહેજે કોઈનેય નડતી હોતી જ નથી એ એક હકીકત છે. એટલે કાવતરાં અને જૂઠ્ઠાણું એ મનુષ્યની જિંદગીનો અનિવાર્ય હિસ્સો છે અને એ જ મોટે ભાગે જીતતો દેખાય છે'. અસત્યમેવ જયતે એમ જ માનવું અને બાકીની જિંદગી પૂરી કરવી.

'ગાલિબ કહે છે તેમ:
હમ કો માલૂમ હૈ જન્નત કી હકીકત
લેકિન, દિલકો બહલાને કો યહ
ખયાલ અચ્છા હૈ.'



વિરજીભાઈ ઠુંમર
પૂર્વ સાંસદ

# અમરેલી ખાતે આર.એસ.એસ. દ્વારા વિજયાદશમીએ પથસંચલન





અમરેલી, તા. ૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ – અમરેલી નગર દ્વારા તારીખ ૨૯ /૧૦/૨૦૨૩ રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યે મ્યુનિસિપલ ગર્લ્સ સ્કુલ થી ગણવેશ ધારી સ્વયંસેવકોનું પથસંચાલન નીકળ્યું.

જેમાં ૧૧૦ સ્વયંસેવકોએ ભાગ લીધો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ૧૯૨૫ થી દેશના સેવાકીય અને દેશ જાગરણના કાર્યોમાં પ્રવૃત છે.

દેશની અખંડિતતા અને દેશમાં અનુશાશન માટે દેશભકિત તથા અનુશાશિત શકિતની દેશને હંમેશા જરૂર હોય છે.

જેનો પરિચય તથા પ્રર્દશન માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિજયાદશમીના પાવન પર્વ નિમિતે પથસંચલનનું આયોજન કરે છે.

ભારત દેશના સર્વાંગીણ વિકાસ માટે હિન્દુ સંગઠન અનિવાર્ય છે. તે બાબતને ધ્યાનમાં રાખી તથા ''સ્વયં અબ જાગ કર હમકો જાગાના દેશ હે અપના, '' ની ભાવના સાથે સ્વયંસેવક બંધુઓએ વિજયાદશમી પથસંચલન નો કાર્યક્રમ શિસ્તાપુર્વક પૂર્ણ કર્યો.

## ચુંટણીપંચ દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ યોજાશે

# અમરેલી જિલ્લામાં આગામી ૯ ડિસે. સુધી સમાવિષ્ટ ૧૩૭૧ મતદાન મંથકો બુથ લેવલ અધિકારીઓ ઉપસ્થિત રહેશે

## મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા કમી વગેરે માટેનાં ફોર્મ્સ સ્વીકારાશે

અમરેલી, તા.૧

ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૧/૧/૨૦૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૪ જાહેર કરવામાં આવેલ છે.જેનો સમયગાળો તા.૨૭/૧૦/૨૦૨૩ (શુક્રવાર) થી તા.૦૯/૧૨/૨૦૨૩ (શનિવાર) નક્કી કરવામાં આવેલ છે.

તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરીકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે.આગામી તા.૦૫/૧૧/૨૦૨૩ (રવિવાર) તથા તા.૨૬/૧૧/૨૦૨૩ (રવિવાર) તેમજ તા.૦૨/૧૨/૨૦૨૩ (શનિવાર) તથા તા.૦૩/૧૨/૨૦૨૩ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસો હોવાથી જિલ્લામાં સમાવિષ્ટ ૧૩૭૧ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારના ૧૦ કલાક થી સાંજના ૫ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી સુધારા / કમી માટેનો ફોર્મ્સ સ્વીકારશે.

જિલ્લામાં વસવાટ કરતા દેશના યુવા નાગરીકો વધુમાં વધુ મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી – વ – કલેકટર, અમરેલી તરફથી જાહેર અપીલ કરવામાં આવે છે.

ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયત કરવામાં આવેલ જુદા જુદા પ્લેટફોર્મ મારફત નાગરીકો ઓનલાઈન ફોર્મ ભરી શકશે. જેવા કે Voter Helpline Mobile App (Android/iOS) http://voterportal. eci. gov.in/BLO App (BLO મારફત વધુ માહીતી માટે મતદારો ભારતના ચૂંટણીપંચના મતદાર હેલ્પલાઈન નંબરટોલ ફ્રી ) ૧૯૫૦ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## વિશ્વ હિન્દુ પરિષદનાં અગ્રણીએ

# અમરેલી મહિલા વિકાસ ગૃહની બાળાઓને અલ્પાહાર કરાવ્યો

## ઈતેશ મહેતા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં





અમરેલી,તા.૧

નવરાત્રી નિમિતે અમરેલી મહિલા વિકાસ ગ્રુહની 'બાળાઓ' ને 'અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ મઠ મંદિરનાં અધ્યક્ષ પ્રતાપસિંહ રાઠોડનાં સહ પરિવાર દ્વારા અલ્પાહાર કરાવેલ.

આ અવસરે 'અમરેલી જીલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ઉપપ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી' સહિતનાં મિત્રો ઉપસ્થિત રહ્યાં.

# સાવરકુંડલા ખાતે લુહાર યુવા ગ્રૃપ દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણી





અમરેલી, તા.૧

લુહાર યુવા ગ્રૃપ દ્વારા સાવરકુંડલા શરદપૂર્ણિમા ઉત્સવ રાસ ગરબાનું તારીખ ૨૮–૧૦–૨૦૨૩ શનિવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા સાવરકુંડલા શહેર તથા તાલુકા ના લુહાર જ્ઞાતિ બંધુઓ સહપરિવાર ઉપસ્થિત રહી લુહાર યુવા ગ્રૃપ દ્વારા આયોજિત શરદપૂર્ણિમાં મહોત્સવને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## કુંકાવાવ–વડિયા વિસ્તારને સમાવતા

# બગસરાનાં માર્કેટયાર્ડના વિભાજન બાબતે જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે

## વિભાજન બાબતે વાંધા, સુચનો આવકાર્ય

અમરેલી, તા.૧

ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સમિતિ અધિનિયમ – ૧૯૬૩ ( ગુજરાત અધિનિયમ– ૨૦ સને ૧૯૬૪ ) કલમ – ૬ હેઠળ કૃષિ અને ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના કુંકાવાવ, વડિયા તથા બગસરા તાલુકાના વિસ્તારને સદરહું અધિનિયમના હેતુઓ માટે નિર્દેષ્ટ કરેલ ખેત ઉત્પન્નોની અમુક જાતના સંબંધમાં બજાર વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જિલ્લાના કુંકાવાવ – વડિયા અને બગસરા તાલુકાના બનેલ બજાર વિસ્તારમાં વિભાજન કરવાનું ધાર્યુ છે.

ઉપરાંત કુંકાવાવ – વડિયા તાલુકાના બનેલા બજાર વિસ્તાર અને બગસરા તાલુકાના બનેલા બજાર વિસ્તારમાં નિયંત્રણમાં લીધેલ મગ, અડદ, તુવેર, મગફળી, તલ, કપાસ, ડુંગળી, ઘઉં, ચણા, જીરૂ વગેરે જણસીઓનું ખરીદ વેચાણ નિયમન કરવા ધાર્યુ છે.ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બગસરાનાં વિભાજન કરીને જિલ્લાના કુંકાવાવ – વડિયા અને બગસરા તાલુકાના બનેલ બજાર વિસ્તારમાં વિભાજન કરવાનો ઈરાદો છે.

વિભાજન બાબતે જાહેરનામું પ્રસિદ્ધ થયાના એક માસમાં નાયબ સચિવ ( ધિરાણ ), બ્લોક નંબર ૭,૬ ઠ્ઠો માળ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરને જે કોઈ વાંધા,સૂચનો મળશે તેના ઉપર સરકાર દ્વારા વિચારણા કરવામાં આવશે તેમ ઉપસચિવ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી પાલિકા દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ, આંગણવાડીઓની આસપાસ સ્વચ્છતા અભિયાન યોજાયું









સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સમગ્ર રાજયમાં ચાલી રહેલા બે માસના મહા સ્વચ્છતા અભિયાનમાં અમરેલી જિલ્લો પરિણામલક્ષી કામગીરી સાથે આગળ ધપી રહ્યો છે. આ કડીના ભાગરૂપે અમરેલી નગરપાલિકા દ્વારા શહેરીજનોની આરોગ્યલક્ષી સુખાકારી અર્થે સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવવા માટે ઝુંબેશ ચલાવી રહી છે. દરમિયાન અમરેલી નગર પાલિકા દ્વારા સફાઈ કામદારો, સુરવાઈઝરો, સેનેટરી ઈન્સપેકટર એન.બી. ચાવડાના વડપણમાં શહેરમાં આવેલી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને આંગણવાડીઓની આસપાસ કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

અમરેલી શહેરની ફોરવર્ડ સ્કુલ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મહિલા કોલેજ, પટેલ સંકુલ પાછળ આવેલી આંગણવાડી, રોકડિયાપરા, કાળભૈરવના મંદિર વગેરે જેવા સ્થળોએ સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. આ ઝુંબેશમાં ઘન કચરો એકત્રિત કરી અને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. નગરપાલિકા દ્વારા પ્રતિદિન વિવિધ સ્થળોએ સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે, શહેરને સ્વચ્છ બનાવવા માટે સતત પગલાં ભરવામાં આવી રહ્યા છે તેમ ચીફ ઓફિસર અમરેલી નગરપાલિકાની એક યાદીમાં જણાવાયું છે.

## પાના ૧ ઉપરનું ચાલું કાળા બજારીયાઓની લૂંટને રોકો

વીમા કંપનીના વધતા જતાં પ્રિમીયમ, ઘટતા જતાં પગારથી સામાન્ય–મધ્યમવર્ગના પરિવારો આર્થિક તકલીફોનો સામનો કરી રહ્યા છે. ૨૦૧૪માં ૪૦૦ રૂપિયાનો બાટલો આજે ૮૦૦ રૂપિયા જેટલી વસુલાત થઈ રહી છે. મહિલાઓને મોંઘવારીની ભેટ આપતી ભાજપ સરકારમાં જીત પછી અહંકાર, નિરંકુશતા અને મોંઘવારીના દિવસોના લીધે દેશની અને રાજયની જનતા સામનો કરી રહી છે. તહેવાર ટાણે જ મોંઘવારીનો બુસ્ટર ડોઝ પેટે વધુ એક વાર એલપીજી ગેસ સીલીન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો ઝીંકવામાં આવ્યો છે.

''બહુત હુઈ મહંગાઈ કી માર'', ''અચ્છે દિન''ના રૂપાળા સૂત્રોથી સત્તા મેળવનાર ભાજપ સરકારમાં મોંઘવારી આસમાને, ભાજપા સરકારમાં સંગ્રહખોરો, કાળા બજારીયાઓ બેફામ છે. કોરોના મહામારી અને આર્થિક હાલાકીમાં મોંઘવારીના બેફામ મારથી સામાન્ય–મધ્યમવર્ગને જીવન જીવવું મુશ્કેલી બની ગયું છે. છેલ્લા બે વર્ષમાં ૪૪.૯૭ ટકાનો જંગી વધારાથી મહિને ઘરના બે છેડા ભેગા કરવામાં ભારે મુશ્કેલીનો ગૃહિણીઓ સામનો કરી રહી છે. ઘરના બજેટ પણ ખોરવાઈ ગયા છે. સીંગતેલ–કપાસીયા તેલના ડબ્બાના બમણા ભાવ, તેલમિલરો અને ભાજપ સરકારની સાંઠગાંઠથી જનતા પરેશાન છે. તેલ, મસાલા, સાબુ, સોડા સહિતની જીવન નિર્વાહની ચીજ વસ્તુઓના વધતા જતાં ભાવથી સામાન્ય–મધ્યમ વર્ગની કમર તૂટી રહી છે.

વર્ષ ૨૦૧૪–૧૫થી વર્ષ ૨૦૨૨–૨૩ના નવ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલ–ડીઝલમાં સતત એકસાઈઝ ડયુટીમાં વધારો ઝીંકીને ૩૦ લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી છે, લૂંટ ચલાવાઈ છે. દૂધ, દહીં, છાશ, શાકભાજીના આસમાનને આંબતા ભાવથી સામાન્ય વર્ગની કમર તૂટી ગઈ છે.

બેફામ વધતી મોંઘવારી, મળતીયા સંગ્રહખોરો, કાળા બજારીયાઓની અસહ્ય લૂંટને રોકવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકારની નીતિના લીધે બેકાબુ બનેલી મોંઘવારી, સતત ઘટતી આવકથી સામાન્ય–મધ્યમ વર્ગ આર્થિક હાલાકીનો ભોગ બની રહ્યો છે.


## સંકુલ હોસ્ટેલ વિભાગ ધોબી જોઈએ છે.

★ સંકુલ હોસ્ટેલ નિવાસી સ્ટુડન્ટ્સ નાં હોસ્ટેલ – સ્કૂલ – કોલેજ ડ્રેસ ધોલાઈ તેમજ ઈસ્ત્રી માટે ધોબી જોઈએ છે.

★ રસ ધરાવનાર વ્યકિતએ રૂબરૂ સંપર્ક સાધવો.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થા:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન:૦૨૭૯૨–૨૩૨૩૨૧ થી ૨૬ Ad067


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૫ | ૧૫૨૫ |
| ૨ | મગફળી | ૧૨૩૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૭૫૫ | ૩૪૪૫ |
| ૪ | મગ | ૧૬૨૦ | ૧૮૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૩૦ | ૩૩૭૦ |
| ૬ | ઘઉં | ૪૫૮ | ૫૭૨ |
| ૭ | ચણા | ૮૯૮ | ૧૧૪૨ |
| ૮ | સોયાબીન | ૮૯૩ | ૯૨૭ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૬૩ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૫૪૬ |
| ૪ | તલ કાળા | ૩૦૮૦ | ૩૫૫૫ |
| ૫ | બાજરો | ૩૬૫ | ૪૬૧ |
| ૬ | જુવાર | ૬૧૦ | ૧૩૦૧ |
| ૭ | ઘઉં બંસી | ૫૫૧ | ૫૫૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૭૧૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૫ | ૬૦૧ |
| ૧૦ | મગ | ૮૦૦ | ૧૯૫૫ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૨૩૨૦ |
| ૧૨ | ચણા | ૯૪૨ | ૧૩૩૩ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૫૨ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૯૨૫ |
| ૧૫ | કપાસ | ૯૫૦ | ૧૪૯૯ |
| ૧૬ | એરંડા | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૭ | રાયડો | ૯૫૦ | ૯૫૦ |
| ૧૮ | ઈસબગુલ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૯ | ગમ ગુવાર | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૨૦ | ધાણા | ૮૦૦ | ૧૩૩૦ |
| ૨૧ | મેથી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૯૫૭ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં પ્રવેશદ્વાર સમાન

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીનાં મુખ્ય માર્ગ ઉપરથી ગંદકી દૂર કરવામાં આવતી ન હોય ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન કેવી રીતે સફળત બનશે તેવો વેધક પ્રશ્ન શહેરીજનોમાંથી ઉભો થઈ રહ્યો છે. અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ પણ પાલિકાનાં શાસકોને બંધ સ્ટ્રીટલાઈટ અને ગંદકીની સમસ્યા દૂર કરવાની તાકીદ કરી છતાં પણ તંત્રમાં કોઈ સક્રીયતા જોવા મળતી નથી.

બસ હવે બહુ થયું, પાલિકાનાં બેદરકાર કર્મચારી અને જેને સફાઈ કે સ્ટ્રીટલાઈટનો કોન્ટ્રાકટ અપાયો છે તે એજન્સી સામે નમૂનારૂપ કામગીરી કરવાનો સમય આવી ચુકયો હોય શહેરીજનોની નજર ધારાસભ્ય કૌશિક વેકરિયા ઉપર મંડાયેલી છ.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાંથી રફુ ચકકર થયેલ

દરમિયાન ગોલ્ડ સ્ટાર હોમનીડસ ઓર્ડર સપ્લાયર નામની શો–રૂમ ચાલું કરી ટીવી, ફ્રીઝ, વોશીંગ મશીન, મોબાઈલ, લેપટોપ, સોફાસેટ, ડાયનીંગ ટેબલ, ડીનર સેટ તથા સ્ટીલનાં વાસણો, પ્લાસ્ટીકનાં વાસણો, ફર્નિચર વિગેરે સામાનમાં ૧૦થી ૪૫ ટકા સુધી ડિસ્કાઉન્ટમાં નવી વસ્તુઓ વેચાણ કરવાનું ચાલુ કરી એડવાન્સ પેમેન્ટ લઈ ઓર્ડર બુક કરાવેલ વસ્તુ ૧૨ દિવસ બાદ મંગાવી આપવાનું જણાવી ગામનાં લોકોનાં કુલ રૂા. ૩,૧૪,૧૩૦ વસ્તુઓ નહી આપી છેતરપીંડી વિશ્વાસઘાત કરી સાવરકુંડલા ગામેથી ભાગી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં વેપારીને હનીટ્રેપમાં ફસાવી

ગાળો આપી લાકડી તથા હાથ વડે માર મારી ઈક્કો ફોર વ્હીલમાં બેસાડી અપહરણ કરી લઈ ચાવંડ, ઢસા ગઢડા, ગામની અલગ અલગ અવાવરૂ જગ્યાએ લઈ જઈ આરોપી પોલીસમાં હોય તેવી ખોટી ઓળખ આપી વેપારીને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની તેમજ બદનામ કરવાની ધમકી આપી બળજબરીથી મિલ્કત કઢાવી લેવા માટે અટકાયતમાં રાખી વેપારીના દીકરા સાથે ફોનમાં વાત કરાવડાવી કોરા ચેક મેળવી વેપારીને ઢસા ચોકડી ઉતારી ગુન્હો કરવામાં એક બીજાએ મદદગારી કરી તેમજ અધિક જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી નાસી ગયેલ. આરોપીઓ અંગે ફરીયાદમાં મળેલ વર્ણન તેમજ સી.સી.ટી.વી.ની મદદથી ચોક્કસ માહિતી આધારે રાજકોટ–ભાવનગર હાઈવે સહયોગ હોટેલ નજીક અવાવરૂ જગ્યાએથી ઈક્કો કાર સાથે એક મહિલા તથા અન્ય ચાર આરોપીઓને અલગ અલગ કંપનીના મોબાઈલ નંગ પાંચ જેની કિંમત રૂા. ૨૫,૦૦૦ તથા એક લાકડી કિંમત રૂા. ૧૦ તથા ઈક્કો ફોર વ્હીલ કિંમત રૂા. ૪,૦૦,૦૦૦ તથા કોરા ચેક ચાર મળી કુલ રૂપિયા ૪,૨૫,૦૧૦ના મુદામાલ સાથે બાબરા પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા ગુન્હાનો ભેદ ઉકેલી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જેમા તપાસ દરમ્યાન આ કામની હની ટ્રેપની ગેંગના સભ્યોને બાબરા ગામના વેપારીની માહિતી આપનાર તેમજ જે જગ્યાએ કોરા ચેક મુકેલ તે ચેક લેવા જનાર આરોપી સાકીર ઉર્ફે સલમાન નવસાદભાઈ વેદ રહે. બાબરાનું નામ તપાસ દરમ્યાન ખુલવા પામેલ. જે આરોપી સાકીર ઉર્ફે સલમાન નવસાદભાઈ વેદ છેલ્લા નવેક માસથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય જેને બાતમી આધારે હકિકત મેળવી આરોપીને બાબરા ટાઉન વિસ્તારમાં આવતા પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૮ |
| ૨ | મગફળી | ૯૭૧ | ૧૩૨૬ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૫૬૦ |
| ૪ | ચણા | ૧૦૭૫ | ૧૧૭૦ |
| ૫ | ધાણા | ૯૮૬ | ૧૨૭૦ |
| ૬ | અડદ | ૧૬૨૫ | ૧૮૪૫ |
| ૭ | સફેદ ચણા | ૧૨૩૫ | ૧૩૦૦ |
| ૮ | સોયાબીન | ૭૫૧ | ૯૨૪ |
| ૯ | તલ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | જીરૂ | ૮૨૦૦ | ૮૨૦૦ |
| ૧૧ | મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૨૫૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૭૫ |
| ૫ | જીરૂ | ૮૦૦૦ | ૯૬૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૯૩ |
| ૯ | બાજરો | ૩૯૧ | ૫૫૪ |
| ૧૦ | જુવાર | ૮૦૫ | ૧૨૦૦ |
| ૧૧ | અડદ | ૧૭૦૮ | ૨૦૫૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૮ | ૧૨૯૯ |
| ૧૩ | સોયાબીન | ૮૫૦ | ૯૪૨ |
| ૧૪ | એરંડી | ૯૫૦ | ૧૦૬૭ |
| ૧૫ | ધાણા | ૧૧૧૧ | ૧૪૯૯ |

## વૃક્ષોનો મહિમા

### વૃક્ષમ્ શરણમ્ ગચ્છામી



દશ કુવા ખોદાવો તે સમાન છે. દશ વાવ અને એક સરોવર સરખા છે. દસ સરોવર સમાન એક સત્પુત્ર છે પણ દશ પુત્રોને ઉછેરો અને એક વૃક્ષને ઉછેરો તે સમાન છે. અર્થાત વૃક્ષ અનેક રીતે ઉપકારક હોવાથી સૃષ્ટિમાં ખૂબ મહત્વ ધરાવે છે.

જે વ્યકિત એક પીપળો, લીમડો અથવા વડ વાવે અથવા દસ આમલી કે ત્રણ કોઠ, બીલી અને આમળાના વૃક્ષ વાવે અથવા પાંચ આંબા વાવે તે કદાપિ નરકમા જતો નથી. – ભવિષ્યપુરાણ

જે મનુષ્ય સર્વ પ્રાણીઓના ઉપભોગ માટે છાયા,ફુલમાડે વૃક્ષો વાવે છે તે પરમ ગતિને પામે છે.

વૃક્ષો અન્ય પ્રાણીઓને પોતાની છાયાથી સુખ આપે છે.ને પોતે તો તાપમાં સંતપ્ત થયા કરે છે.એમના ફળ પણ બીજાઓને જ કામ આવે છે. આમ વૃક્ષો સત્પુરુષો જેવા (પરોપકારી) છે.

બીજાનું વૃક્ષ કાપનારને ત્રણ સુવર્ણમુદ્રાનો દંડ કરવો. તળાવ પરનું, સીમા પરનું અને ધોરીમાર્ગનુ વૃક્ષ કાપનાર ને એથી બમણો દંડ કરવો. ફળ ફુલવાળુ વૃક્ષ કાપનારને એક સુવર્ણ માષનો દંડ કરવો અને જે વ્યકિત કોઈપણ કારણ વગર ઘાસ પણ કાપે છે તો તેને એક કાષાર્પણનો દંડ કરવો. – મત્સ્યપુરાણ

**– સંકલન : મિતલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદ પંથકમાં મનરેગા યોજનામાં

ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા દ્વારા આ ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય. જે અન્વયે એ.એમ. પટેલ પો.ઈન્સ. એલ.સી.બી. અમરેલીના માર્ગદર્શન નીચે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમી દ્વારા આઈપીસી કલમ ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, મુજબના કામે આરોપીને અમરેલી મુકામેથી ગત તા. ૩૧/૧૦ નારોજ ચોક્કસ બાતમીના આધારે હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૫ | ૧૪૭૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૧ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૧૧૧ | ૧૨૮૯ |
| ૩ | તુવેર | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ૪ | સોયાબીન | ૧૭૦૨ | ૧૭૦૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૭ |
| ૨ | ચણા | ૯૫૦ | ૧૨૫૦ |
| ૩ | તુવેર | ૧૭૫૧ | ૧૮૦૦ |
| ૪ | સોયાબીન | ૭૭૦ | ૯૪૧ |
| ૫ | તલ સફેદ | ૨૪૫૦ | ૩૩૦૦ |
| ૬ | મગફળી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૭ | મેથી | ૧૦૦૩ | ૧૦૩૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૧ |
| ૯ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૦ | અડદ | ૧૯૦૦ | ૧૯૭૫ |
| ૧૧ | ધાણા | ૯૯૫ | ૧૩૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૭૨૫ | ૧૮૨૫ |
| ૧૪ | લસણ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ૧૫ | જુવાર | ૧૨૨૫ | ૧૨૨૫ |

## ચાંદગઢ ખાતે રાજબાઈ માતાજીનાં મંદિરે ટહુકતા મોરલાની ભેટ

અમરેલી, તા. ૧

અમરેલી ના ચાંદગઢમાં શ્રી રાજબાઈમાતાજીના મંદિરે (મઢે) દાદભાઈ નનકુભાઈ ધાધલ–માજી સરપંચ બોલતા ટહુકતા મોરલાની સપ્રેમ ભેટ આપવામાં આવી છે. આ મોર દિવસમાં ત્રણ વખત ટહુકે છે.સવારે ૬ બપોરે ૧૨, સાંજે ૬ કલાકે એમ ત્રણ વખત મોર ટહુકારા બોલાવે છે. લગભગ ત્રણ થી પાંચ મિનિટ મીઠા મધુરા ટહુકારા બોલાવે છે.આ સરાહનીય પગલા થી બધા ખૂશી અનુભવે છે. તેમ શ્રી રાજબાઈ માતાજીના મંદિર (મઢ) ના પુજારી શ્રી રમેશભાઈ દેવશંકરભાઈ તેરૈયાની આનંદ–હર્ષોલ્લાસ સાથે અખબારી યાદીમાં જણાવેલ છે. તેમ ચાંદગઢના પત્રકાર ગીરીશભાઈ ઠાકરની અખબારી યાદી જણાવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું તળાવમાં ડૂબી જવાથી મોત

મકવાણા બે સગીર વયના પુત્રો ગઈકાલ તા. ૩૧/૧૦/૨૦૨૩ ના કલાક ૧૪:૦૦ બાદ કોઈપણ સમયે, પોતાના ઘરેથી બહાર રમવા જતા રહેલ અને સાંજ સુધી શોધખોળ કરતા બન્ને બાળકોની કોઈ ભાળ મળેલ નહીં અને પોલીસને માહીતી મળતા બાળકોના પિતાની ફરિયાદ લઈ અત્રેના ડુંગર પો.સ્ટે. એ પોર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૨૩૦૧૫૯/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૩૬૩ મુજબની ફરિયાદ દાખલ કરેલ અને તપાસ હાથ ધરવામાં આવેલ બાદ પોલીસની અલગ અલગ ટીમોએ મોડી રાત સુધી સદરહુ બંને બાળકોની શોધખોળ કરવામાં આવેલ અને બાદમાં મોરંગી ગામે પ્લોટ વિસ્તારમાં ગામ તળનું તળાવ આવેલ હોય જે તળાવમાં આજરોજ આ કામોના બન્ને બાળકોની લાશ મળતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત રાજુલા સરકારી દવાખાને પી.એમ. માટે ખસેડવામાં આવેલ અને સદરહુ બનાવ બાબતે તબીબે બન્ને બાળકોના મોતનું ચોકકસ કારણ જાણવા સારૂ ફોરેન્સીક પી.એમ. કરાવાવ અભિપ્રાય આપતા બન્ને બાળકોની લાશને ભાવનગર સીવીલ હોસ્પિટલ લાલ દવાખાના ખાતે ફોરેન્સીક પી.એમ. કરવા માટે લઈ ગયેલ. જેમાં પી.એમ. બાદ પ્રાથમિક અહેવાલ મુજબ બન્ને બાળકોનું મૃત્યુ પાણીમાં ડુબી જવાના લીધે થયેલ હોય અને બાળકોના મોઢા ઉપર જે કટ છે તે જળચર જીવ દ્વારા કાપેલ અને ખાધેલ હોવાનું જણાવેલ છે.

## જાહેર નોટિસ

**મોજે–બરવાળા બાવળ, તા. વડિયા–કુંકાવાવ, જી. અમરેલી.**
**રે.સ.નં. ૧૩/૨ પૈકી ૨, હેકટર ૦–૮૦–૯૪, ખાતા નં. ૧૮૩**

અમો ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે બરવાળા બાવળ, તા. વડીયા–કુંકાવાવ, જિ. અમરેલીનાં ખાતા નં. ૧૮૩થી રે.સ.નં. ૧૩/૨ પૈકી ૨, હેકટર ૦–૮૦–૯૪, વાળી ખેતીની જમીન વિઠ્ઠલભાઈ મનજીભાઈ પાનસુરીયા ના સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, વડીલોપાર્જીત, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ / ખેતી / ગણોત / લીઝલાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૪ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તા. ૦૧/૧૧/૨૦૨૩
ઠે. મેઈન બજાર, પુલ પાસે,
મુ. વડિયા, (જી.અમરેલી)
મો. ૯૯૨૫૩૦૪૪૪૯

**ચંદ્રેશ આર. રોશનીયા**
**(એડવોકેટ)**
**તે તમારા અસીલની સુચનાથી**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૩૧૪ |
| ૨ | તલ સફેદ | ૨૬૮૦ | ૩૧૦૦ |
| ૩ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૫ |
| ૪ | બાજરો | ૪૦૧ | ૫૧૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૧ |
| ૬ | જુવાર | ૧૨૨૧ | ૧૨૩૬ |
| ૭ | મગ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૮ | અડદ | ૧૨૦૧ | ૧૭૨૧ |
| ૯ | મેથી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૦ | ચણા | ૮૮૦ | ૧૦૯૦ |
| ૧૧ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | સોયાબીન | ૬૦૦ | ૯૩૦ |

# અમરેલીમાં ઈંડિયન આર્મીના નિવૃત્ત સર્વિસમેન અને શહીદોનાં ધર્મપત્નીઓનું સંમેલન યોજાયું






ભારતીય સેનાના નિવૃત્ત સર્વિસમેન અને સેવા દરમિયાન શહીદ થયેલા જવાનોના ધર્મપત્નીઓની ઉપસ્થિતિમાં અમરેલી વિદ્યાસભા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આઉટરીચ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જવાનો માટેના પેન્શન કેસના પ્રશ્નો અને આર્મીના સ્પર્શ પ્લેટફોર્મની માહિતી વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. ઉકત કાર્યક્રમમાં સેનાના શહીદોનાં ધર્મપત્નીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બહોળી સંખ્યામાં લોકોએ મેડિકલ કેમ્પમાં ભાગ લીધો હતો અને તેમના સ્વાસ્થ્યની મિલિટરી હોસ્પિટલ જામનગરના તબીબો અને દંત ચિકિત્સકો દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા સૈનિક વેલફેર ઓફિસ દ્વારા નિવૃત્ત જવાનોને પુનઃ રોજગારી માટેની તકો અંગે માર્ગદર્શન અને સંકલન સાધવા માટે મદદ કરવામાં આવી હતી. જિલ્લા સૈનિક વેલફેર ઓફિસ તેમજ એકસ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કિમ સેલ દ્વારા નિવૃત્ત જવાનો, અધિકારીઓને ઈ.સી.એચ.એસ. જામનગર, જિલ્લા સૈનિક વેલફેર બોર્ડ, એકસ સર્વિસમેન સેલ સ્ટેશન હેડ કવાર્ટર્સ અમરેલી, અને જિલ્લા કલેકટર ઓફિસના પ્રતિનિધિઓ દ્વારા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે વિમર્શ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન અમરેલી જિલ્લાના ૧૧૩ જેટલા એકસ-સર્વિસમેન અને તેમના આશ્રિતો અને પરિવારજનો હાજર રહ્યા હતા.

### ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં

## ધારીનાં હરિપરા ખાતે સરદાર પટેલની જન્મજંયતિએ સરદાર પ્રતિમાનું અનાવરણ થયું

### પૂર્વ ધારાસભ્યો સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં

ધારી, તા.૧

એક ભારત, શ્રેષ્ઠ ભારત સૂત્રધાર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિતે ધારીનાં હરીપરા સમસ્ત ગામ પરિવાર દ્વારા સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું અને ફૂલહાર અર્પણ કરવાનો પાવન અવસર સાંપડયો.



આ પ્રસંગે ધારી- બગસરા, ખાંભાનાં ધારાસભ્ય જે.વી.કાકડીયા, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, માજી ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, નલીનભાઈ કોટડીયા, તાલુકા પંચાયત પ્રમુખ ધનશ્યામભાઈ હીરપરા, તાલુકા પંચાયત સદસ્ય અતુલભાઈ કાનાણી, અનવરભાઈ લલીયા, માર્કેટિંગ યાર્ડનાં વાઈસ ચેરમેન હર્ષદભાઈ રાવલ, ડિરેકટર ખોડાભાઈ ભુવા, દાતા ધનંજયભાઈ સોજીત્રા, હિંમતભાઈ સોજીત્રા, તાલુકા ભાજપ મહામંત્રી મૃગેશભાઈ કોટડીયા, કિશાન મોરચાનાં મહામંત્રી પરેશભાઈ પટ્ટણી, ધારી પી.આઈ. દેસાઈ, હરિપરા ગામનાં સરપંચ ભરતભાઈ ડાભી, ઉપસરપંચ કાળુભાઈ સોજીત્રા, વિનુભાઈ કાથરોટીયા, જીગ્નેશભાઈ હીરાણી, પંકજભાઈ સોજીત્રા, રવિભાઈ હીરાણી, સી.પી.રૂડાણી, અરવિંદભાઈ કોલડિયા, જીતુભાઈ સાવલીયા, વિજયભાઈ સાવલીયા, તેમજ મોટી સંખ્યામાં ગામજનો ભાઈઓ તેમજ બહોળી સંખ્યામાં બહેનો, માતાઓ હાજર રહયા હતા.

### જિલ્લા આહીર સમાજની ચિંતન બેઠક યોજાઈ, યુવા ટીમની કરાઈ જાહેરાત

## અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ તરીકે કમલેશ ગરાણીયાની એક સૂરે કરાઈ વરણી

### યુવા પ્રમુખનાં નેતૃત્વ સમગ્ર જિલ્લાના છેવાડાના ગામડાના આહીર યુવાનોને જોડી સંગઠિત કરવાનો કરાયો સંકલ્પ




અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં મોટી સંખ્યામાં આહીર સમાજના લોકો વસવાટ કરે છે. અમરેલી જિલ્લામાં આહીર સમાજનું સંગઠન પણ વર્ષોથી કાર્યરત છે. આ સંગઠને સમાજના અનેક સમાજિક અને વિકાસલક્ષી કાર્યો કર્યા છે. બદલાતા આધુનિક યુગનાં સમયમાં વર્તમાન સમયની માંગ અને જરૂરિયાત મુજબ સમાજને સંગઠિત કરી વિકાસના ફળ સમાજના છેવાડાના સમાજના વ્યકિત સુધી પહોંચાડવા માટે રાજકીય સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી સમાજને પ્રગતિના પંથે લઈ જવા માટે વિવિધ મુદા પર ચર્ચાઓ કરવા માટેની એક ચિંતન મિટિંગ અમરેલી આહીર બોર્ડિંગ ખાતે અમરેલી જિલ્લા આહીર સમાજનાં પ્રમુખ જીતુભાઈ ડેર અને ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળની આગેવાની માં યોજાઈ હતી.

જેમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાના ગામડાઓમાથી આહીર સમાજના લોકો ઉપસ્થિત રહયા હતાં.અને સમાજનારાજકીય,સામાજિક આગેવાનો એ સમાજ ના ઉદાર માટે વર્તમાન સમયની સમાજની સ્થિતિ, જરૂરિયાત અને સમાજના દરેક ક્ષેત્રે વિકાસ માટે શું કરી શકાય? આ બાબતે ચર્ચાઓ અને પરામર્શ કરવામાં આવ્યો હતો. જેમા સમાજના આગેવાનો એ પોતાના મંતવ્ય રજુ કર્યા હતા.

આ મંતવ્યો અને ચર્ચાના અંતે વર્તમાન સમયની મુખ્ય જરૂરિયાત અમરેલી જિલ્લા યુવા આહીર સમાજની રચના કરી સમગ્ર જિલ્લાના સમાજના છેવાડાના યુવાનોને જોડી સામજિક, શૈક્ષણિક, આર્થિક,સાંસ્કૃતિક ક્ષેત્રે વિકાસની રાહ પર ગતી કરવા નકકી કરાયું હતુ ત્યારે અમરેલી જિલ્લા યુવા આ આહીર યુવા સંગઠનના પ્રમુખનુ સુકાન યુવા અગ્રણી કમલેશ ગરણીયાને એક સુરે સમગ્ર જિલ્લાના આગવાનોએ સોંપતા તેમની વરણીને સમગ્ર જિલ્લાના આગેવાનોનો આવકાર મળ્યો હતો.

આવનાર સમયમાં યુવા પ્રમુખ કમલેશ ગરાણીયાના નેતૃત્વમાં સમગ્ર જિલ્લનના યુવાનોનું સંગઠન નિર્માણ કરી અને સમાજને સંગઠિત કરી તમામ ક્ષેત્રમાં સમાજના યુવાઓ આગળ આવે તે માટે આગામી કાર્યક્રમો તૈયાર કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

આ તકે નવનિયુકત પ્રમુખ ગરણિયાનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતુ કે સમાજે મારા પર વિશ્વાસ મુકી જિલ્લાના યુવાનોને એક વિકાસની રાહ પર લઈ જવા માટે આવનાર તારીખ ૨૬/૧૧ ના રોજ એક એક સમગ્ર જિલ્લાના લોકોનું સ્નેહમિલન નું આયોજન કરી સમગ્ર જિલ્લાની ટીમ અને તાલુકાની ટીમો જાહેર કરીશું અને સમાજના યુવાનોને એક તાતણે બાંધી સમાજના વિકાસની માટે અને સમાજન લોકોની સમસ્યાઓ માટે અવિરત કામગીરી કરીશું જણાવ્યું હતુ સાથે સમગ્ર જિલ્લા આગેવાનો અને યુવાનો એ મારા પર વિશ્વાસ મૂકી મને સુકાન સોંપ્યું છે ત્યારે સમગ્ર જિલ્લાના આહીર સમાજના લોકોનો આભાર માન્યો હતો.અને સમાજે મુકેલો વિશ્વાસ એળે નહિ જવા દવ તેવું જણાવ્યું હતુ.

આ સમગ્ર કાર્યક્રમ આહીર સમાજના ઈષ્ટદેવ દ્વારકાધીશ ને અધ્યક્ષ સ્થાને રાખી. સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર અને ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ ની આગેવાની માં યોજાયો હતો.

તેમાં સમગ્ર જિલ્લા માંથી મોટી સંખ્યામાં આહીર સમાજનાં આગેવાનો અને યુવાનો ઉપસ્થિત રહયાં હતા. અને યુવા સંગઠન ના નિર્માણ માં સુર પુરાવ્યો હતો.


### શાસ્ત્રી ચંદ્રેશભાઈ જોષીના વ્યાસસ્થાને

## સાવરકુંડલા ખાતે ૧૫ નવે.થી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

સાવરકુંડલા, તા. ૧, સાવરકુંડલાના આંગણે કાનજીબાપુ ઉપવન પારેખવાડી ખાતે રાઠોડ પરિવાર દ્વારા તા. ૧૫-૫-૨૦૨૩ થી તા. ૨૧-૧૧-૨૦૨૩ સુધી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ કથાના વ્યાસપીઠે સુપ્રસિધ્ધ કથાકાર શાસ્ત્રી શ્રી ચંદ્રેશભાઈ કે. જોષી (ભાગવતાચાર્ય) અમરેલીવાળા બિરાજી તેમની મધુર સંગીતમય શૈલીમાં અમૃતવાણી કથા રસપાન કરાવશે. કથામાં આવતા પાવન પ્રસંગો જેવા કે, કપીલ જન્મ, નરસિંહ પ્રાગટય, વામનજન્મ, રામજન્મ, કૃષ્ણજન્મ (નંદ ઉત્સવ) ગોવર્ધન પુજા, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર ભવ્ય રીતે ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવશે. તો સર્વ ભાગવત પ્રેમીભકતોને પરિવાર સાથે આ દિવ્ય કથાનું શ્રવણપાન કરવા નો લ્હાવો લેવા રાઠોડ પરિવાર ભાવભર્યું આમંત્રણ પાઠવે છે. દરરોજ રાત્રે ભજન, કિર્તન, રાસોત્સવ પરિવાર મીલનની સુખદ પળો માણવા પધારશો.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# અમરેલી : 'સોનલ ગરબો' કલાવાટિકાનો ઓકટો.-૨૦૨૩ ત્રિવિધ કાર્યક્રમ



ઓકટોબર-૨૦૨૩ આસો માસ.નવરાત્રિ મહોત્સવ કલાવાટિકા ફાઉન્ડેશન દ્વારા 'સોનલ ગરબો' નામથી સર્જન અને ગાયનનું ત્રિવિધ કાર્ય આયોજન થયું. જેમાં (૧) ગરબા શણગાર (૨) આરતી શણગાર (૩) ગરબા ગાયન. રાજયભરના નાનાં-મોટાં ૨૦૦ થી વધુ કલારસિકોએ આ ત્રિવિધ કલાસર્જનમાં ભાગ લઈ ૪૦૦ જેટલી કૃતિઓ દ્વારા માતા જગદંબાની અનોખી આરાધના કરી.ધન્યતા અનુભવી. કલાવાટિકા દ્વારા ૨૦૧૯ થી આ વિષયનો આ ત્રીજો કાર્યક્રમ હતો. વિષય રિપિટ થતો હોવા છતાં નવરાત્રિ પર્વ અને તેને વાચા આપતાં ગરબા, દીવા, આરતી, વિવિધ વેશભૂષા, પ્રસાદ,આરાધના, રાસગીતો વગેરે નવાં નવાં અને રસભર્યા જ લાગે. સૌ એ પોતપોતાની કાલીઘેલી ભાષામાં પ્રાચીન - અર્વાચીન ગરબા, સ્તુતિઓને શબ્દ, સૂર, તાલ સાથે રંગ ઉમંગ આપ્યો. નવેનવ દિવસ મોબાઈલ સ્ક્રીન ઉપર જાણે ચાચર ચોક, ગબ્બર ગોખ, ચોટીલા ડુંગર, ગળધરા ધરો, માતાના મઢ જીવંત થયાં. ગરબા - આરતીના ઘંટારવ થયાં. દશેરાએ આ કાર્યક્રમ પૂર્ણ થતાં સૌને લાગ્યું કે આ ભક્તિ પ્રવાહ અસ્ખલિત ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે. પૂર્ણ ન થાય એવી ભાવનાના સૌ માં દર્શન થયાં. આ તાકાત આપણાં ભાતીગળ અને પવિત્ર તહેવારો અને તેના મહિમાની છે. જે દરેક સ્થળે, દરેક વર્ગના લોકો માટે, દરેક સમયે આનંદ, એક નવી ઉર્જા અને સામાજિક સમરસતા લઈને આવે છે. પોતાની નિર્મળ કૃતિઓ રજૂ કરનાર નયનાબેન ઠક્કર, ઋતુ મહેતા, જયશ્રીબા ગોહિલ, કાશ્મીરબેન ભટ્ટ,પ્રવિણાબેન વાઘેલા,ગીતાબેન ભાલોડિયા, છાયાબેન પટેલ, કાજલબા ગોહિલ, ચિ.શાબ્દી દોશી, ડો. તન્વીબેન તથા પાડોશી બાળકો, જયોતિબેન રામાણી, કંચનબેન કાથરોટિયા, રશ્મિબેન સંપટ, જયશ્રીબેન દેસાઈ, પ્રિયાંશી જાગાણી, પાથર કૃપાલી, ગેવરિયા વિ, ડાભી જાન્હવી, ડો. નારદીબેન પારેખ, મૂળજીભાઈ સોલંકી, જાગૃતિબેન શાહ, ડો. ભારતીબેન બોરડ, અનિલાબેન પંડયા, સોનલબેન પંડયા, જયશ્રીબેન પટેલ, મીનાબેન ઉદેશી, હેમુબેન મોદી, હસુમતીબેન બારોટ, ડો.રક્ષાબેન દવે, ડાભી જયદીપ, વર્ષા વેદ, જયોતિ રામાણી, મનિષાબેન જાદવ, કણઝા પ્રા. શાળાના બાળકો, સુરેશ લક્ષ્મણભાઈ, જાખોલિયા હાર્દિક, કિરીટભાઈ ગોહેલ, હેમલતા દિવેચા ,ભારતી ભંડેરી, હેમાંગિની મણિયાર, નીતાબેન ઠક્કર, શીતલબેન મહેતા, નીતાબેન પટેલ, રેખાબેન પટેલ વગેરે સૌને ખૂબ ખૂબ ધન્યવાદ ! કલાવાટિકા ફાઉન્ડર ડો.ભારતીબેન જી. બોરડ દ્વારા આયોજિત આ કાર્યક્રમમા સૌની કલાવંદના સાથે યાદગીરી રૂપે સર્ટિફિકેટ અપાયા.

## ચિતલ, બાબરા કે રાજકોટથી પ્રવેશનારને સૌપ્રથમ ગંદકી જોવા મળે

# અમરેલીનાં પ્રવેશદ્વાર સમાન એરપોર્ટ નજીક ભયાનક ગંદકી

**સમગ્ર જિલ્લામાં ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન શરૂ હોય તેવા સમયે ભયાનક ગંદકી દૂર થતી નથી**

**જ્યાં સુધી બેદરકાર કર્મચારી કે અધિકારી વિરૂધ્ધ કડક કાર્યવાહી નહી થાય ત્યાં સુધી સમસ્યાનું નિરાકરણ થશે નહી**

**નાયબ દંડક કૌશિક વેકરિયાએ હવે પાલિકાનાં શાસકો સામે લાલ આંખ કરવી જરૂરી બની**

**મીડિયા અવાર-નવાર પાલિકા શાસકોનું ધ્યાન દોરે છતાં પણ કોઈ કાર્યવાહી કરાતી નથી**



અમરેલી, તા. ૧

અમરેલીનાં પ્રવેશદ્વાર સમાન એરપોર્ટ નજીક સિંચાઈ કચેરી, અવધ રેસીડેન્સ, પંચવટી ફાર્મની બાજુમાં અને સામે તેમજ એરપોર્ટની દીવાલથી લઈને દત્ત મંદિર સુધી બનાવવામાં આવેલ બ્યુટિફિકેશનમાં ભયાનકપણે ગંદકીનો માહોલ અને બંધ સ્ટ્રીટલાઈટ જોવા મળે છે. મીડિયામાં અવારનવાર સચિત્ર અહેવાલ પ્રસિદ્ધ થાય છતાં પણ પાલિકાનાં શાસકો નિષ્ક્રીયતા છોડી શકતા નથી. અમરેલી જિલ્લામાં ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન પુરજોશમાં શરૂ હોવા છતાં પણ

અનુસંધાન પાના ૬ ઉપર

## છેલ્લા ૯ માસથી આરોપી સલમાન વેદ રે. બાબરા નાસતો ફરતો હતો

# બાબરાનાં વેપારીને હનીટ્રેપમાં ફસાવી તેનું અપહરણ કરવાની બીક બતાવી ખંડણી માંગનાર ગેંગનો એક સભ્ય ઝડપાયો

**બાબરા શહેરમાંથી સ્થાનિક પોલીસે આરોપીની કરી અટકાયત**

અમરેલી, તા. ૧

બાબરા પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૬૪-૬, ૩૮૫, ૩૮૯, ૫૦૪, ૫૦૬ (૨), ૧૨૦-બી, ૩૪, ૧૧૪, ૧૭૦ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો તા. ૧/૧/૨૩ ના રજી. થયેલ હોય અને ઉપરોકત ગુન્હાના આરોપીઓ પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના ઈરાદે ગુન્હાહીત કાવતરૂ રચી આરોપી ચંદાબેન ઉર્ફે સંજુ ઉર્ફ મનીષાએ વેપારીને ફોન કરી જમીન તથા ગાયો લે-વેચની મીઠી મીઠી વાતો કરી મળવા બોલાવી વેપારી સાથે શરીરી સબંધ બાંધવા પ્રયત્ન કરી વેપારીએ ના પાડી પોતાના ઘરે જતા હોય. તે વખતે આ કામના અન્ય ચાર આરોપીઓ



ઈક્કો ફોર વ્હીલ લઈ આવી વેપારીને

અનુસંધાન પાના ૬ ઉપર

## ચેન્નઈથી આવીને કારસ્તાન કર્યુ

# સાવરકુંડલામાંથી રફુ ચક્કર થયેલ વેપારી વિરૂધ્ધ 3 લાખની છેતરપીંડીની ફરિયાદ

**અનેક ગરીબ પરિવારોની ચિંતામાં વધારો**

અમરેલી, તા. ૧

તામીલનાડુ રાજયનાં રહેવાસી ઈસ્માઈલ મોહદીન સહિત ૫ જેટલા ઈસમો ગત તા. ૨/૧૦થી તા. ૩૧/૧૦ સુધીનાં સમયગાળા

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)